# શ્રી આનંદ કલ્યાણ

વિ.સં. ૨૦૮૨, માગશર સુદ-૧ ● તા.૨૧-૧૧-૨૦૨૫, શુક્રવાર ● અંક : ૨૪

24



## શેઠ આણંદજી કલ્યાણજી

“સહુને આનંદ સહુનું કલ્યાણ”

અમદાવાદ

### શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથદાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર, તા. ૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે...

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

**સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?**

**રૂા. ૫૪૦૦ આપી સહભાગી થઈએ.**

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 50100165224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન-સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધા જ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૨૪ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

## તીર્થનું સ્વરૂપ

पंक-दाह-पिपासाना-मपहारं करोति यत् ।
तद् धर्मसाधनं पथ्यं तीर्थमित्युच्यते बुधैः ॥

પાપનો કાદવ, કષાયોનો દાહ અને વિષયસુખની પિપાસા, આ ત્રણેને દૂર કરી આપે અને ધર્મ સાધી આપે તેવા પથ્યરૂપ ક્ષેત્રને પંડિતો 'તીર્થ' તરીકે ઓળખાવે છે.

यथा शरीस्योद्देशाः केचित् पुण्यतमाः स्मृताः ।
तथा पृतिव्यामुद्देशाः केचित् पुण्यतमाः स्मृताः ॥

જેમ આપણા શરીરનાં કેટલાંક અંગો ઉત્તમ-પવિત્ર ગણાયાં છે, તેમ આ પૃથ્વી ઉપરના કેટલાક પ્રદેશો પણ પવિત્ર મનાયા છે; તેને જ આપણે 'તીર્થ' કહીએ છીએ.

प्रभावादद्भुताद् भूमेः सलिलस्य च तेजसा ।
परिग्रहान्मुनीनां च, तीर्थानां पुण्यता स्मृता ॥

જે તે ભૂમિનું અદ્ભુત માહાત્મ્ય હોય, ત્યાં નિકટમાં વહેતી (ગંગા, શેત્રુંજી જેવી)નદીઓના જળનો તેજોમય પ્રભાવ હોય, અને તે ભૂમિને મહામુનિઓને પોતાની સાધનાભૂમિ બનાવી હોય; આ ત્રણ કારણથી તે ભૂમિ તીર્થ બને છે, અને તે પુણ્યભૂમિ લેખાય છે.

: પ્રકાશક :

*શેઠ આણંદજી કલ્યાણજી*

*"સહુને આનંદ સહુનું કલ્યાણ"*

*શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,*

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**

## 'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૯ સળંગ અંક : ૨૪

પ્રકાશન

વિ.સં. ૨૦૮૨, માગશર સુદ-૧, શુક્રવાર, તા.૨૧.૧૧.૨૦૨૫

પ્રકાશક :

નૈમિષ ભરતકુમાર શાહ (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.anandjikalyanjipedhi.org

*મુદ્રક :* કેતન બુક બાઈન્ડીંગ વર્કસ (મલય શાહ) મો. : ૯૪૨૭૦૨૦૩૪૮

### ૨૧ નામપૂર્વક શત્રુંજય મહાતીર્થને વંદન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી શત્રુંજયગિરિને વંદન | ૨. | શ્રી પુંડરિકગિરિને વંદન |
| ૩. | શ્રી સિદ્ધક્ષેત્રને વંદન | ૪. | શ્રી વિમલાચલગિરિને વંદન |
| ૫. | શ્રી સુરગિરિને વંદન | ૬. | શ્રી મહાગિરિને વંદન |
| ૭. | શ્રી પુણ્યરાશિ તીર્થને વંદન | ૮. | શ્રી શ્રીપદગિરિને વંદન |
| ૯. | શ્રી ઈન્દ્રપ્રકાશ તીર્થને વંદન | ૧૦. | શ્રી મહાતીરથને વંદન |
| ૧૧. | શ્રી શાશ્વતગિરિને વંદન | ૧૨. | શ્રી દ્રઢશક્તિ તીર્થને વંદન |
| ૧૩. | શ્રી મુક્તિનિલયગિરિને વંદન | ૧૪. | શ્રી પુષ્પદંતગિરિને વંદન |
| ૧૫. | શ્રી મહાપદ્મગિરિને વંદન | ૧૬. | શ્રી પૃથ્વીપીઠ તીર્થને વંદન |
| ૧૭. | શ્રી સુભદ્રગિરિને વંદન | ૧૮. | શ્રી કૈલાસગિરિને વંદન |
| ૧૯. | શ્રી કદમ્બગિરિને વંદન | ૨૦. | શ્રી ઉજ્જવલગિરિને વંદન |

૨૧. શ્રી સર્વકામદાયક તીર્થને વંદન

# શત્રુંજય મહાતીર્થનો ૧૬મો ઉદ્ધાર

શત્રુંજય મહાતીર્થના ૧૬માં ઉદ્ધારની પ્રશસ્તિ જે શત્રુંજય મહાતીર્થના પ્રાણ સ્વરૂપ મુખ્ય જિનાલયના પ્રતિષ્ઠાકારક મહાન પ્રભાવક અને પ્રજ્ઞા પુરૂષ સમર્થ જૈનાચાર્ય શ્રી વિદ્યામંડનસૂરિજીની આજ્ઞાથી એમના શિષ્ય પંડિત પ્રવરશ્રી વિવેકધીર મુનિએ સંઘનાયક કર્માશા દ્વારા થયેલ એ ઉદ્ધારની એક પ્રશસ્તિ (યશોગાથા) સંસ્કૃત ભાષામાં ૨ ઉલ્લાસ (વિભાગ)માં આલેખી હતી.

''વંશાદિવ્યાવર્ણન'' નામક ઉલ્લાસ (વિભાગ)માં ૯૩ શ્લોકોના માધ્યમથી શ્રી તોલાશાહ અને કર્માશાહના વંશ વગેરે અંગે વિસ્તારથી બતાવ્યા છે.

''શ્રી શત્રુંજયોદ્ધાર વ્યાવર્ણન'' નામક બીજા ઉલ્લાસ (વિભાગ)ના ૧૬૭ લોકોમાં શાશ્વત તીર્થભૂમિની જીર્ણોદ્ધાર પ્રક્રિયા, પ્રતિમા નિર્માણ, પ્રતિષ્ઠા મુહૂર્ત, પ્રતિષ્ઠા પ્રસંગ, દાન-ભક્તિ અને શ્રદ્ધાના વિભિન્ન પાસાઓની વિવેચના કરી છે.

મહત્વની વાત તો એ છે કે આની રચના પ્રતિષ્ઠાના બીજા જ દિવસે કરવામાં આવી હતી. પ્રબંધના પરિશિષ્ટમાં રાજાવલી કોષ્ટક (રાજાઓ-બાદશાહોની સમયાવલિ) તથા પ્રતિષ્ઠા સમયની કુંડળી પણ આપવામાં આવી છે.

આ સમગ્ર પ્રબંધને પાઠકવર વિનયમંડનજીની આજ્ઞાથી સૌભાગ્ય-મંડન નામના મુનિએ એ જ વરસે વૈશાખ વદ-૧૦, ગુરૂવારના દિવસે લિપિબદ્ધ કરવાનું કાર્ય કર્યું હતું. વિ.સં. ૧૯૭૩, ઈસ્વીસન ૧૯૧૭માં મહાન ઈતિહાસવેત્તા અને સંશોધન ક્ષેત્રના દીપ્તિમાન નક્ષત્ર જેવા મુનિ જિનવિજયજીએ હિન્દી ભાષામાં અનુવાદ સાથે સંપાદિત કરીને 'શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ' શીર્ષક સાથે ભાવનગરની પ્રસિદ્ધ સંસ્થા જૈન આત્માનંદ સભા તરફથી પ્રકાશિત કરવામાં આવ્યો હતો. વિ.સં.૧૯૯૨ ઈ.સન્ ૧૯૩૭માં એ સભાના મંત્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી દ્વારા એનો ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો અને એનું પ્રકાશન થયું.

વિ.સં. ૨૦૮૭, વૈશાખ વદ-૬, તા.૧૨.૦૫.૨૦૩૧ના દિવસે ૫૦૦મો પ્રતિષ્ઠા દિવસ આવશે, એ ઉજવણી અનેક રીતે મહત્વપૂર્ણ હશે.

શ્રદ્ધા ભક્તિ અને સમર્પણનો દરિયો ત્યારે શત્રુંજય પર્વતના શિખરે શિખરે લહેરાશે ! સેંકડોની સંખ્યામાં આચાર્ય ભગવંતો, પદસ્થો, મહાન મુનિભગવંતો, સાધ્વીજી ભગવંતો, હજારોની સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ અને લાખોની સંખ્યામાં પરમાત્મા આદિનાથ સાથે શ્રદ્ધાના તાંતણે જોડાયેલા ભક્તજનો એ દિવસો દરમ્યાન પાલીતાણાની પુણ્ય ધરા પર ડોલતા હશે ! તળેટીથી દાદાની ટૂંક, ઘેટીપાગ, સિદ્ધવડ, ભાડવાનો ડુંગર, બધે જ માનવ મહેરામણ ઉમટેલો હશે ! દેવોને પણ દુર્લભ એ દ્રશ્યને જેઓ નિહાળશે, તેઓ નશીબવંતા હશે. જેઓ પરમાત્માને ભેટશે તેઓ બડભાગી હશે. એ પ્રતિષ્ઠા દિવસની ૫૦૦મી વરસગાંઠ - સાલગીરી અતિભવ્યતા પૂર્વક વિશિષ્ટ રીતે ઉજવાય એવું આયોજન શેઠ આણંદજી કલ્યાણજી પેઢી વિચારી રહી છે. એ પ્રસંગ, એ ભક્તિનો રંગ અને સુકૃત સંચયની સોહામણી ક્ષણોના સહભાગી બનવા અત્યારથી જ તૈયારી આરંભીએ ! આ શ્રૃંખલામાં ૧૬માં ઉદ્ધારનું વર્ણન પ્રસ્તુત કરવામાં આવે છે.

**શ્રી કુંભારીયાજી તીર્થની યાત્રા કરી આવ્યા ?**

કુંભારીયાજી તીર્થની યાત્રાએ જવાના છો ? એ તીર્થનો મજાનો ઈતિહાસ, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, પાંચે દેરાસરોમાં પથરાયેલો શિલ્પ અને સ્થાપત્યનો કળા ખજાનો !

આ બધું જોવા - જાણવા માણવા આ પુસ્તક વસાવી લ્યો !

**પ્રાચીન તીર્થ શ્રી કુંભારીયાજી :- મૂલ્ય રૂા.૩૦/-**

**અમદાવાદની અડોઅડ આવેલું સોહામણું તીર્થ શ્રી શેરીસા !**

યાત્રા તો તમે અનેકવાર કદાચ કરી હશે ! પણ ઈતિહાસ ખબર છે ? એ તીર્થના સર્જનની પાછળની મજેદાર કહાણી સાંભળી છે ?

એનું આહ્લાદક વાતાવરણ, એ વાતાવરણમાં વહેતી ઉર્જા.. એની વાતો ખબર છે ? નહી ! તો પછી તમે શ્રી શેરીસા તીર્થ (સચિત્ર-રંગીન તીર્થ પરિચાયિકા) પુસ્તક જોયું જ નથી ! આજે જ વસાવી લ્યો

**શ્રી શેરીસા તીર્થ :- મૂલ્ય રૂા.૩૦/-**

## "શત્રુંજય ઉદ્ધાર પ્રબન્ધ"ના ગુજરાતી અનુવાદક ભાવનગરવાળા ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ દ્વારા લિખિત પ્રસ્તાવના

જૈનધર્મનાં અષ્ટાપદજી, સમેતશિખરજી, પાવાપુરીજી, ચંપાપુરીજી, આબુજી વગેરે તીર્થો કરતાં શ્રી શત્રુંજય તીર્થની અતિ પ્રાચીનતા (શાશ્વતપણું) અને તેના અપૂર્વ પ્રભાવે મનુષ્યોના હૃદયમાં ભક્તિ માટે ઘણી જ ઊંડી છાપ પડેલ હોવાથી, સર્વકાળે અને સર્વ તીર્થોમાં તેની પ્રધાન તીર્થ તરીકે ગણના થયેલ છે. વર્તમાન ઉદ્ધાર પછી શ્રી હીરવિજયસૂરીશ્વરજીના અપૂર્વ સામર્થ્યથી આ તીર્થની ઉન્નતિની ગતિમાં વિશેષ વેગ આવતાં આ જગતમાં પવિત્ર મંદિરોનું તે એક અનુપમ શહેર કહેવાય છે.

બીજા બધાં તીર્થો કરતાં આ સિદ્ધાચલ તીર્થમાં અનેક મહાન પુરુષો-મુનિવરો મુક્તિ પામ્યા છે અને તેમના ચરણ, શરીર, લેશ્યા, મનોવર્ગણા વગેરેના શુભ પુદ્ગલ સ્કંધો ત્યાં છૂટ્યા છે કે જે પવિત્ર શુદ્ધ વર્ગણાઓ ત્યાં જતાં શ્રદ્ધાળુ અંતઃકરણવાળા આત્માઓને સારી રીતે અસર કરે છે, તેટલું જ નહિ પરંતુ તે મહાત્માઓના નામનું ત્યાં સ્મરણ થવાથી તેઓનાં ચરિત્રોની અસર યાત્રાળુઓના મનમાં વીજળીની પેઠે થાય છે.

મહાન પુરુષોના રોમેરોમમાં ઉચ્ચતા, પવિત્રતા, શ્રેષ્ઠતા ભરી હોય છે અને તેઓના પ્રત્યેક શ્વાસાચ્છ્વાસમાં અને શરીરના સર્વે રોમરાયમાંથી નીકળતા પરમાણુઓમાં અલૌકિક અસર કરનાર ઉચ્ચશક્તિઓ રહેલી હોય છે. તેઓશ્રી જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં દશે દિશામાં એ સદ્ગુણોનું બળવાન વાતાવરણ રચાય છે અને તેવા વાતાવરણમાં જનાર મનુષ્ય ઉપર તેની ચમત્કારિક અસર થાય છે, જે હાલના વિજ્ઞાનીઓ અને જૈનશાસ્ત્રોએ તે સચોટ જણાવેલ છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ એ આવા અનંત મહાત્માઓની સ્પર્શ કરેલી અનુપમ પરમ પવિત્ર ભૂમિ છે, કે જેનાં દર્શન, સ્પર્શનને ઈંદ્રાદિક દેવો, દાનવો વગેરે અહર્નિશ ઈચ્છે છે.

આ પવિત્ર તીર્થ ઉપર અતીત કાળમાં ઋષભસેન પ્રમુખ અસંખ્ય તીર્થંકરો સમવસરી અનેક જીવોનો ઉદ્ધાર કરી મોક્ષે ગયા છે. વર્તમાનકાળમાં

શ્રી નેમનાથ પ્રભુ સિવાય ત્રેવીશ તીર્થંકર ભગવંતો અહીં સમવસર્યા છે, અને ભાવિ કાળમાં પદ્મનાભાદિ તીર્થંકરો અહીં સમવસરશે અને અનેક પ્રાણીઓનો ઉદ્ધાર કરશે. આવા પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરવાનું સદ્‌ભાગ્ય, પૂર્વના અપરિમિત પુણ્યરાશીના બળે કોઈ ભાગ્યશાળી નરરત્નને જ પ્રાપ્ત થાય છે. તેવું ઉત્તમ ભાગ્ય વર્તમાન સોળમા ઉદ્ધારક શેઠશ્રી કર્માશાહને પ્રાપ્ત થયું હતું.

આ તીર્થ ઉપર મુખ્ય પંદર ઉદ્ધાર આ ચોવીશીમાં ભૂતકાળમાં થયા છે, જેમાં પંદર ઉદ્ધારનું સંક્ષિપ્ત અને વર્તમાન ઉદ્ધાર અને ઉદ્ધારક કર્માશાહનું વિસ્તારથી વર્ણન આ ગ્રંથમાં પ્રધાનપણે આપવામાં આવ્યું છે. છેલ્લો ઉદ્ધાર શ્રી દુપ્પસહસૂરિના ઉપદેશથી શ્રી વિમલવાહન રાજા કરશે. આ સિવાય નાના ઉદ્ધારો પણ આ ચોવીશીમાં અનેક થયેલા છે.

આ લેખ શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ, ગૂર્જર કાવ્ય સંચય વગેરે ગ્રંથોમાંથી પ્રમાણો સાથે તૈયાર કરવામાં આવેલ હોવાથી તેમજ તે રસિક, સુંદર અને સરલ વૃત્તાંત હોવાથી વાચકવર્ગને મનનપૂર્વક વાંચતાં આહ્‌લાદ ઉત્પન્ન થાય તેવું છે.

શ્રી કર્માશાહે આ ઉદ્ધાર કરવામાં અપરિમિત દ્રવ્યનો વ્યય ઉદારતાપૂર્વક કર્યો છે; તેટલું જ નહિ પરંતુ તેમની શ્રદ્ધા, ભક્તિ, ઉત્સાહ, વિનય, ઉત્તમ ભાવના, સરલતા વિગેરે અનુપમ જણાયા છે. પૂર્વના અનુપમ પુણ્યસંચય અને સંપૂર્ણ સદ્‌ભાગ્ય, ન્યાય-નીતિપૂર્વક વર્તન અને ઉપાર્જન કરેલી સુકૃત લક્ષ્મી સિવાય આવું પ્રભુભક્તિનું માંગલિક કાર્ય સાંપડતું નથી. કર્માશાહ કાપડના વેપારી હતા, અને ન્યાયસંપન્ન વૈભવવાળા હતા. ધાર્મિક જ્ઞાન ધર્મગુરુ મારફત પ્રાપ્ત કરી શ્રાવકાચારનું પાલન અન આવશ્યક ક્રિયા નિરંતર કરતા હોવાથી શ્રાવક-કુળભૂષણ નરરત્ન તે વખતના જમાનાના હતા, જે સંપૂર્ણ વૃત્તાંત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આવા પરમાત્માની ભક્તિનાં કાર્યો સંબંધી લેખો, કથાઓ, ઐતિહાસિક ઘટનાઓ વાંચવાથી, અનુમોદન કરવાથી મનુષ્ય શ્રદ્ધાવાન બને છે; સમ્યક્ત્વ પામે છે.

# શ્રી શત્રુંજય પર્વતનો પરિચય (પ્રાચીન)

જગતના પ્રાયઃ સર્વ પ્રાચીન ધર્મોમાં કોઈ ને કોઈ સ્થાન વિશેષ પૂજ્ય, પ્રતિષ્ઠિત અને પવિત્ર માનવાનાં ઉદાહરણો સૌ કોઈને દૃષ્ટિગોચર હોય છે. મૂર્તિપૂજા માનવાવાળા અને તેનો નિષેધ કરવાવાળા તથા ઈશ્વરવાદી અને અનીશ્વરવાદી સૌ કોઈ એ વાતમાં એક જ દેખાય છે. હિંદુઓ હિમાલયાદિ તીર્થોને, મુસલમાનો મક્કા-મદીનાને, ક્રિશ્ચિયનો જેરૂસલેમને અને બૌદ્ધો ગયાજી અથવા બોધિવૃક્ષ વગેરે સ્થાનોને હજારો વર્ષથી પૂજનીય અને પવિત્ર માનતા આવ્યા છે. એ ધર્મના શ્રદ્ધાળુ મનુષ્ય જિંદગીમાં એકવાર પોતપોતાના તે તે પવિત્ર સ્થાનમાં જો જવાય તો સ્વજન્મ સફળ થાય એમ માન્યતા ધરાવે છે. જૈન ધર્મમાં પણ એવા કેટલાંક સ્થળો પૂજનીય, સ્પર્શનીય માનવામાં આવે છે. શ્રી શત્રુંજય, ગિરનારજી, આબુજી, તારંગાજી અને સમેતશિખરાદિ સ્થાનોને તેમાં ગણવામાં આવે છે. તેમાં પણ શ્રી શત્રુંજય તીર્થ સર્વથી અધિક શ્રેષ્ઠ, પવિત્ર અને સર્વથી અધિક પૂજ્ય ગણવામાં આવે છે

આ પર્વતને જૈન શાસ્ત્રકારો સિદ્ધાચલ, વિમલાચલ, પુંડરીકગિરિ આદિ ૨૧ અથવા ૧૦૮ નામોથી ઓળખાવે છે. સેંકડો જૈન ગ્રંથોમાં આ પર્વતની પવિત્રતા અને પૂજ્યતાના ઉલ્લેખ મળે છે. પરંતુ શ્રી ધનેશ્વરસૂરિ મહારાજના બનાવેલા શ્રી શત્રુંજયમાહાત્મ્ય નામના એક સંસ્કૃત ગ્રંથમાં આ પર્વતનો મહિમા વિસ્તારથી વર્ણવાયો છે. આ ગ્રંથમાં આ પર્વતનું ઘણું જ અલૌકિક વર્ણન આપવામાં આવેલ છે.

હિંદુ ધર્મમાં પ્રવર્તમાનકાળના સતયુગ આદિ ચાર વિભાગ માનવામાં આવે છે, તેમ જૈન ધર્મમાં પણ સુષમા-દુષમાદિ ૬ વિભાગ (આરા) માનવામાં આવે છે. એ છ આરામાં ભારતવર્ષની દરેક વસ્તુઓનો સ્વભાવ, પ્રમાણ આદિમાં પરિવર્તન થયા કરે છે. એ નિયમાનુસાર શત્રુંજય પર્વતના વિસ્તાર અને ઊંચાઈમાં પણ પરિવર્તન થયા કરે છે. ઉક્ત ગ્રંથમાં લખેલું છે કે પ્રથમ આરામાં ૮૦ જોજન, બીજા આરામાં ૭૦ જોજન, ત્રીજા આરામાં ૬૦ જોજન અને છઠ્ઠા આરામાં કેવળ સાત હાથ જેટલો શત્રુંજય હોય છે. પ્રલયકાળમાં

પણ આ પર્વતનો સર્વથા નાશ નથી થવાનો અને તેથી તે પ્રાયઃ શાશ્વતો ગણાય છે તેવું એ માહાત્મ્ય ગ્રંથમાં જણાવવામાં આવેલ છે.

આ કાળના ત્રીજા આરાના અંતમાં જૈન ધર્મના પ્રથમ તીર્થંકર તથા જૈન મતના અને પ્રવર્તમાન ભારતીય માનવ સંસ્કૃતિના પ્રથમ પ્રવર્તક શ્રી ઋષભદેવ ભગવાન જન્મ્યા. જેઓએ પોતાના જીવનના અંતિમ કાળમાં સંસારનો ત્યાગ કરી, શ્રમણપણું ધારણ કરી, અનેક તપશ્ચર્યા કરી, કૈવલ્યજ્ઞાન-દર્શન પ્રાપ્ત કર્યું. આ અવસ્થામાં અનેકાનેક વખત આ પવિત્ર પર્વત ઉપર પધારી, તેઓએ ઈન્દ્રાદિની આગળના આ પર્વતની પૂજ્યતા અને પવિત્રતાનું વર્ણન કરેલું છે. આ મહાત્માના પુત્ર ભરતરાજાએ આ પર્વત ઉપર એક બહુ જ વિશાળ, મનોહર, સુવર્ણમય મંદિર બનાવી તેમાં રત્નમય ભગવાનની મૂર્તિ સ્થાપન કરી હતી. ભગવાન આદિનાથના પ્રથમ ગણધર અને ભરત મહારાજના પ્રથમ પુત્ર પુંડરીક નામના મહર્ષિ પાંચ ક્રોડ મુનિઓની સાથે ચૈત્રી પૂર્ણિમાના દિવસે અહીં મોક્ષે પધાર્યા. જેથી આજ સુધી હજારો યાત્રિકો તે દિવસે યાત્રા નિમિત્તે આવે છે. તે સિવાય નમિ-વિનમિ નામના વિદ્યાધર બે ક્રોડ મુનિઓ સાથે, દ્રાવિડ અને વારિખિલ્ય નામના બે ભાઈઓ દસ ક્રોડ મુનિઓ સાથે, ભરત રાજા તેમજ તેમના ઉત્તરાધિકારી અસંખ્ય નૃપતિઓ, રામ-ભરતાદિ ત્રણ ક્રોડ મુનિ સાથે, શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન અને શાંબ આદિ સાડા આઠ ક્રોડ મુનિ સાથે, વીસ ક્રોડ મુનિ સાથે પાંડવો, નારદાદિ એકાણું લાખ મુનિ સાથે, આ સિવાય પણ હજારો ઋષિ, મુનિઓ આ પર્વત ઉપર મોક્ષે પધાર્યા છે. અનાદિ કાળથી અસંખ્ય તીર્થંકર અને સાધુઓ અહીં મોક્ષે ગયા છે અને જશે. આ ચોવિશીના એક નેમનાથ ભગવાન સિવાય ત્રેવીશ તીર્થંકરો આ ગિરિનો સ્પર્શ કરી ગયા છે. આ કારણથી આ પર્વત-તીર્થ સર્વથી વધારે અધિક પવિત્ર છે. જે મનુષ્ય ભાવપૂર્વક એક જ વાર આ સિદ્ધક્ષેત્રનો સ્પર્શ કરે છે તે ત્રણ ભવની અંદર અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે. આ તીર્થ ઉપર જે પશુ-પક્ષી રહે છે, તે પણ જન્માંતરમાં મુક્ત થાય છે. આવા પ્રકારનું માહાત્મ્ય ઉપર બતાવેલા ગ્રંથમાં જણાવેલું છે.

ભરત રાજાએ આ પર્વત ઉપર જે કાંચનમય મંદિર બનાવ્યાં હતાં તેમનો પુનરુદ્ધાર પાછળથી અનેક દેવ અને રાજાઓએ કરેલ છે. ચોથા આરામાં થયેલ આવા બાર મુખ્ય ઉદ્ધારોનું વર્ણન પણ આ ગ્રંથમાં લખેલ છે.

ભરત મહારાજાએ જે રત્નમય અને પાછલા ઉદ્ધારકોએ જે કાંચનમય, રજતમય જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી તેને દેવો અને અન્ય ઉદ્ધારકોએ ભાવિકાળની નિઃકૃષ્ટતાનો ખ્યાલ કરી આ પર્વતના કોઈ ગુપ્ત સ્થાનમાં સ્થાપિત કરી દીધાનો ઉલ્લેખ પણ તે ગ્રંથમાં છે. તેમાં લખવામાં આવ્યું છે કે આજ પણ તે પ્રતિમાજીની પૂજા દેવતાઓ કરે છે.

## ચોથા આરામાં થયેલ બાર ઉદ્ધાર

૧. પ્રથમ તીર્થંકરના સમયમાં ભરત રાજાનો, ૨. ભરત રાજાના આઠમા વંશજ દંડવીર્ય રાજાનો, ૩. શ્રી સીમંધર પ્રભુના ઉપદેશથી ઈશાન ઈન્દ્રનો, ૪. માહેન્દ્ર નામના દેવેન્દ્રનો, ૫. પાંચમા દેવલોકના ઈન્દ્રનો, ૬. ચમરેન્દ્રનો, ૭. બીજા તીર્થંકરના સમયમાં સાગર ચક્રવર્તીનો, ૮. વ્યંતરેન્દ્રનો, ૯. આઠમા તીર્થંકરના સમયમાં ચંદ્રયશા નૃપનો, ૧૦. શ્રી શાંતિનાથ પ્રભુના પુત્ર ચક્રાયુધનો, ૧૧. શ્રી વીસમા તીર્થંકરના શાસનમાં શ્રી રામચન્દ્રજીનો અને ૧૨. બાવીશમાં તીર્થંકર ભગવાનના સમયમાં પાંડવોનો ઉદ્ધાર.

## પાંચમા આરામાં થયેલ તેરમા ઉદ્ધારનું વર્ણન

આ યુગના ઉદ્ધારમાં જાવડશાના તેરમા ઉદ્ધારનું મુખ્યત્વે કરી વર્ણન છે. રાસમાળા નામના ગુજરાતના પ્રસિદ્ધ ઐતિહાસિક ગ્રંથમાં તે માટે નીચેની હકીકત આપેલ છે.

“આ દેશમાં હાલ જેનો સંવત્સર ચાલે છે એવા સુપ્રસિદ્ધ વિક્રમાદિત્ય નૃપતિ જે વખતે આ ભારતભૂમિ ઉપર સર્વને ઋણમુક્ત કરી રહ્યા હતા, તે વખતે ભાવડ નામનો એક દરિદ્રી શ્રાવક ભાવલ નામની પોતાની સ્ત્રી સહિત કાંપિલ્યપુર નામના ગામમાં રહેતો હતો. એક વખત બે જૈન મુનિઓ તેને ઘેર ભિક્ષાર્થે આવ્યા. તે સ્ત્રીએ નિર્દોષ આહાર ભાવપૂર્વક મુનિને આપ્યો. ત્યારબાદ

પોતાની દરિદ્રાવસ્થાના વિષયમાં કંઈક પ્રશ્ન કર્યો. જેથી મુનિએ કહ્યું કે ''એક ઉત્તમ જાતિની ઘોડી તમારે ઘેર વેચાવા આવશે, તે તમારે લેવી. તેના આવવાથી તમારી દરિદ્રાવસ્થા નષ્ટ થશે.'' તેમ કહી મુનિઓ પોતાને સ્થાને ચાલ્યા ગયા. તે વાત તે સ્ત્રીએ પોતાના પતિ ભાવડને કરી. થોડા દિવસ બાદ તેમ બન્યું, અને ઘોડી ખરીદી તેની સારી સંભાળ રાખવા માંડી. થોડા વખત પછી તે ઘોડીએ એક ઉત્તમ લક્ષણવાળા અશ્વને જન્મ આપ્યો. યોગ્ય વયનો થતાં તે ઘોડો એક રાજાને ત્રણ લાખ રૂપિયા લઈને વેચ્યો. તે રકમ આવવાથી ભાવડ બીજા ઘણા સારા સારા ઘોડા ખરીદી સારી રીતે તૈયાર કરી રાજા વિક્રમાદિત્ય પાસે લઈ ગયો; જેને લઈ તે રાજાએ તેના બદલામાં મધુમતી (હાલમાં કહેવાતું મહુવા બંદર) ગામ ભાવડને ઈનામમાં આવ્યું. તેવામાં ભાવડને એક પુત્ર થયો. જેનું નામ જાવડ રાખ્યું. કેટલાક વખત પછી ભાવડ મરી ગયો અને જાવડ પોતાના પિતાની મિલ્કતનો માલિક બન્યો.

એક વખત મ્લેચ્છ લોકોનો ભારે હુમલો સમુદ્ર દ્વારા આવ્યો અને તેઓ સૌરાષ્ટ્ર, લાટ, કચ્છ વગેરે દેશોને ખૂબ લૂંટી, ત્યાંની સંપત્તિ સાથે કેટલાક બાળકો તેમજ સ્ત્રી-પુરૂષોને પકડીને પોતાના દેશમાં લઈ ગયા. દુર્ભાગ્યે જાવડ પણ તેમાં પકડાઈ ગયો. જાવડ મહાબુદ્ધિશાળી વેપારી હતો, જેથી પોતાની બુદ્ધિથી તે મ્લેચ્છોને પ્રસન્ન કરીને, પોતે સ્વતંત્ર રીતે વ્યાપાર કરવા લાગ્યો, તેમાં તેને બહુ દ્રવ્ય પ્રાપ્ત થયું. તે મ્લેચ્છ ભૂમિમાં પણ પોતાના સ્વદેશભૂમિની જેમ જૈન ધર્મનું પાલન કરવા લાગ્યો, અને ત્યાં એક સુંદર જૈન મંદિર બનાવ્યું. જો કોઈ પોતાના દેશનો મનુષ્ય ત્યાં આવી ચડતો, તો જાવડ તેને સર્વ પ્રકારની સહાયતા આપતો, જેથી ત્યાં ઘણો જૈન સમુદાય એકત્ર થઈ ગયો.

એક વખત કોઈ જૈન મુનિ તે નગરમાં જઈ પહોંચ્યા. જાવડે હર્ષપૂર્વક તેમનો સત્કાર કર્યો. પ્રસંગવશાત્ તે મુનિ મહારાજે શત્રુંજય તીર્થની સ્થિતિ કહી સંભળાવી અને મ્લેચ્છોએ તેને નષ્ટ-ભ્રષ્ટ કરેલ છે તેથી તેન પુનરૂદ્ધાર કરવાની આવશ્યકતા જણાવી. જાવડે પોતાને શિર તે કાર્ય ઉઠાવી લઈ એક મહિનાની તપશ્ચર્યા કરી ચક્કેશ્વરી દેવીનું આરાધન કર્યું. જેથી દેવીએ પ્રસન્ન થઈને કહ્યું કે તક્ષશિલા નગરીમાં જગન્મલ્લ નામના રાજાની પાસે જઈ ત્યાં

ધર્મચક્રના અગ્રભાગમાં રહેલ જે અર્હદ્‌બિંબ છે તેને લઈ જઈ શત્રુંજય ઉપર સ્થાપન કર. દેવીના તે કથન અનુસાર જાવડ તે નગરીમાં ગયો અને રાજાની આજ્ઞા લઈ ધર્મચક્રમાં રહેલ શ્રી ૠષભદેવ ભગવાનની પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા દઈ સાથે લઈ મહોત્સવની સાથે તે પ્રતિમાજીને મધુમતીમાં લાવ્યો. જાવડે ઘણાં વર્ષો પહેલાં મ્લેચ્છ દેશમાંથી ઘણાં વહાણો માલ ભરીને ચીન વગેરે દેશમાં મોકલ્યા હતા, જે સમુદ્રમાં ફરતાં ફરતાં આ મધુમતીના કિનારે આવી પહોંચ્યા. તે વહાણો માલ વેચીને તેના બદલામાં સુવર્ણ ભરીને લાવ્યા હતા. જે સાંભળી જાવડ ઘણો ખુશ થયો અને તમામ વહાણો ત્યાં ખાલી કરી નાખ્યાં. જૈન સંઘના આચાર્ય શ્રી વજસ્વામી તે વખતે મધુમતીમાં પધારેલા હોવાથી તેમના અધ્યક્ષપણા નીચે જાવડે ત્યાંથી મોટો સંઘ કાઢી તે પ્રતિમાજીને લઈ શત્રુંજયની પાસે પહોંચ્યા. શ્રી વજસ્વામીની સાથે જાવડ સંઘ સહિત ગિરિરાજ ઉપર ચડવા લાગ્યો. અસુરોએ રસ્તામાં કેટલાક ઉપદ્રવ અને વિઘ્ન કર્યા, જેનું નિવારણ શ્રી વજસ્વામીએ કર્યું. જઈને જોયું તો સર્વ સ્થળે હાડકાં વિગેરે અપવિત્ર પદાર્થો પડ્યાં હતાં, મંદિર ઉપર બેશુમાર ઘાસ ઊગ્યું હતું, શિખરાદિ પણ તૂટી-ફૂટી ગયા હતા. તીર્થની આવી અવસ્થા જોઈ સંઘપતિ અને સંઘ બહુ ખિન્ન થયો.

પ્રથમ જાવડે તમામ જગ્યા સાફ કરાવી, શત્રુંજયી નદીના પાણીથી સર્વ સ્થળે પ્રક્ષાલન કરાવ્યું; મંદિરનું સમારકામ કરાવી સાથે લાવેલ શ્રી ૠષભદેવસ્વામીની પ્રતિમાની સ્થાપના કરી. તે વખતે પણ અસુરોએ કેટલુંક વિઘ્ન નાંખ્યું; પરંતુ શ્રી વજસ્વામીએ તેનું પોતાના દૈવી સામર્થ્યથી નિવારણ કર્યું. પ્રતિષ્ઠાદિક કાર્યોમાં જાવડે અગણિત દ્રવ્ય ખર્ચ્યું.

મંદિરના શિખર ઉપર ધ્વજા-આરોહણ કરવાને માટે જાવડ પોતે પોતાની સ્ત્રી સહિત શિખર ઉપર ચડ્યો. ધ્વજા-આરોહણ કર્યા બાદ, સર્વ કાર્ય પૂર્ણ થયું સમજી તેમ જ પોતાના હાથથી આ મહાન તીર્થનો ઉદ્ધાર થયો દેખી, દંપતિના હર્ષનો પાર રહ્યો નહિ. તે આનંદના આવેશમાં આવીને ત્યાં નાચવા લાગ્યા જેથી શિખર ઉપરથી નીચે પડી ગયા. મર્મસ્થાન ઉપર આઘાત લાગવાથી તત્કાળ શરીરનો ત્યાગ થવાથી તેમનો ઉન્નત આત્મા સ્વર્ગમાં ગયો. જાવડના

પુત્ર જાજનાગ અને સકળ સંઘને આ વિપત્તિથી અતિ દુઃખ થયું; પરંતુ આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી સર્વ શાંત થયા. જાવડની આ તીર્થની રક્ષાને માટે અનેક પ્રબંધ કરવાની ઈચ્છા હતી, પરંતુ ભવિતવ્યતાની આગળ તે વિફળ ગઈ.

જાવડશાહના ઉદ્ધારની મિતિ વિ.સં.૧૦૮ની કહેવામાં આવેલ છે. આ ઉદ્ધારની પછી એક બીજા ઉદ્ધારનો આ મહાત્મ્યમાં ઉલ્લેખ છે. તે સંવત્ ૪૭૭માં થયો. તેના કર્તા વલ્લભીપુરના રાજા શિલાદિત્ય હતા. જાવડશાના ઉદ્ધાર પછી સૌરાષ્ટ્ર અને લાટ આદિ દેશોમાં બૌદ્ધ ધર્મનું વિશેષ જોર વધવા લાગ્યું.

બૌદ્ધાચાર્યોએ તે દેશના રાજાઓને પોતાના અનુયાયી બનાવ્યા અને તેમના દ્વારા જૈન ધર્મના આચાર્યને દેશનિકાલ કરાવ્યા. જૈનોના જેટલા તીર્થો હતાં તેના ઉપર બૌદ્ધાચાર્યોએ પોતાની દખલગીરી અને તેમાં અર્હંતની પ્રતિમાઓની જગ્યાએ બૌદ્ધ પ્રતિમાઓ સ્થાપિત કરી. શત્રુંજય તીર્થ ઉપર પણ તેવો વર્તાવ કર્યો. થોડા સમય પછી ચંદ્રગચ્છમાં શ્રી ધનેશ્વરસૂરિ નામના એક તેજસ્વી જૈનાચાર્ય થયા, તેમણે વલ્લભીપુરના રાજા શિલાદિત્યને પ્રતિબોધ કરી જૈન બનાવ્યા. તે રાજાએ બૌદ્ધોના અત્યાચારથી રુષ્ટ થઈને પોતાના દેશમાંથી હાંકી કાઢ્યા. તે શ્રી ધનેશ્વરસૂરિએ આ શત્રુંજય માહાત્મ્ય બનાવ્યું છે.

એ આચાર્યશ્રીના ઉપદેશથી શિલાદિત્ય રાજાએ શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો અને શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. આ પ્રમાણે ગ્આ બે ઉદ્ધારનું વર્ણન આ માહાત્મ્ય ગ્રંથમાં છે. આ માહાત્મ્ય ગ્રંથ સિવાય આ તીર્થની બાબતમાં બે કલ્પમાંથી પણ હકીકત મળી શકે છે. એક પ્રાકૃત કલ્પના કર્તા તપગચ્છના આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિ છે અને બીજા સંસ્કૃત કલ્પના કર્તા શ્રી જિનપ્રભસૂરિ છે. શત્રુંજય માહાત્મ્યમાં જે વાતોનું વિસ્તારથી વર્ણન છે, આ કલ્પમાં તો તે સર્વનું સંક્ષિપ્ત સૂચન માત્ર છે. (આ કલ્પમાં એમ પણ લખ્યું છે કે આ તીર્થ-પર્વત ઉપર અનેક પ્રકારનાં રત્નોની ખાણો, વિવિધ પ્રકારની ચિત્ર-વિચિત્ર જડીબુટીઓ અને રસકૂંપિકા છુપાયેલ છે અને ગુપ્ત ગુફાઓમાં

પૂર્વકાળના ઉદ્ધારની બનાવેલી રત્નમય, સુવર્ણમય જિનપ્રતિમાઓ દેવતાઓથી સદા પૂજિત રહે છે. )

આવા આવા પ્રભાવક આચાર્યોના કથનથી આ પવિત્ર તીર્થ ઉપર સેંકડો વર્ષથી અનુપમ આસ્થા રહેલ છે અને અનેકાનેક વિપત્તિઓ ઉપસ્થિત થયા છતાં આજ લગી આ તીર્થનું જેવું ને તેવું ગૌરવ બની રહેલું છે, તેનું કારણ કેવળ જૈન પ્રજાની હૃદયપૂર્વક ભક્તિ છે.

જૈનોએ આ તીર્થ ઉપર જેટલું દ્રવ્ય ખર્ચ્યું છે, તેટલો ભાગ્યે જ કોઈ તીર્થ ઉપર કોઈ પ્રજાએ ખરચ કર્યો હોય.

આ તીર્થ ઉપર પૂજ્ય બુદ્ધિ રાખવાવાળા જૈન સમાજમાં એવો ભાગ્યે જ કોઈ મનુષ્ય મળશે કે પોતાના જીવનમાં એક વાર પણ આ તીર્થની યાત્રા ન કરી ગયો હોય અથવા ન કરવા ચાહતો હોય !

દર વર્ષે લાખો મનુષ્યો આ તીર્થની યાત્રા કરવા આવે છે. જે વખતે છૂટા છૂટા મનુષ્યોને આવવાનું ઘણું જ કઠણ અને કષ્ટજન્ય હતું, તે જમાનામાં હજારો મનુષ્યોનો સમુદાય એકત્ર થઈ બની શકે તેટલો સર્વ પ્રકારનો બંદોબસ્ત કરીને જતા હતા; એવા પ્રકારના યાત્રાળુઓના સમુદાયને ‘સંઘ’ નામથી ઓળખવામાં આવતો હતો. વૈભવશાળી અને પૈસાપાત્ર શ્રાવક હોય તે પોતાના જીવનમાં પોતાની સંપત્તિ અનુસાર ધનનો ખર્ચ કરી, પોતાની તરફથી એક વાર, બે વાર કે તેથી પણ અધિક વખત સંઘ કાઢતા હતા. અને સાધારણ સ્થિતિવાળા હજારો મનુષ્યો આ ગિરિરાજની યાત્રા કરતાં હતાં.

વસ્તુપાલ, તેજપાળ જેવા ધનવાન પુરૂષોએ લાખો અને કરોડો રૂપિયા ખર્ચીને અનેક વાર સંઘ કાઢ્યા છે. તેમજ ઓગણીશમી અને વીસમી સદીના પ્રારંભમાં કેટલાક ભાગ્યશાળીઓએ સંઘ કાઢી લાખો રૂપિયાનો વ્યય કર્યો છે.

શત્રુંજય માહાત્મ્યમાં સંઘ કાઢી આ ગિરિરાજની યાત્રા કરવા કરાવવામાં મોટું પુણ્ય ઉત્પન્ન થાય છે તેમ લખ્યું છે, અને જે સંઘપતિનું પદ પ્રાપ્ત કરે છે તેનો જન્મ સફળ થયો માનવામાં આવે છે. સંઘપતિની ઘણી જ પ્રશંસા કરવામાં આવેલી છે.

ऐन्द्रं पदं चक्रिपदं, श्लाध्यं श्लाध्यतरं पुनः
संघाघिपपदं ताभ्यां, न विना सुकृतार्जनात्

અર્થ :- ઈંદ્ર-ચક્રવર્તીનું પદ તો જગતમાં શ્રેષ્ઠ છે, પરંતુ સંઘપતિનું પદ તે બંનેથી વધારે ઉચ્ચ છે કેમ કે સુકૃત આચર્યા વગર એની પ્રાપ્તિ થતી નથી. આ પદ આવું શ્રેષ્ઠ હોવાને લીધે જેની પાસે પૂર્વપુણ્યના ઉદયથી યથેષ્ટ સંપત્તિ છે તે આ પદ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખે તે સ્વાભાવિક છે.

ખરેખર જે મનુષ્ય શાસ્ત્રોક્ત રીતથી ભાવપૂર્વક સંઘ કાઢે છે તે અવશ્ય મહાન પુણ્ય ઉપાર્જન કરે છે. સાચા સંઘપતિ કેવળ ઉદારતાને લીધે બનતા નથી. પરંતુ ન્યાય, નીતિ, દયા અને ઈંદ્રિયદમન આદિ બીજા અનેકાનેક ઉત્તમ ગુણને ધારણ કરવાથી બને છે. ભૂતકાળમાં મંત્રી બાહડ, વસ્તુપાળ, તેજપાળ, જગડુશા, પેથડશા, રમરાશા આદિ અસંખ્ય શ્રાવકોએ તેવા સંઘ કાઢી અગણિત સુકૃત ઉપાર્જન કર્યું છે. વર્તમાનકાળમાં પણ ભાગ્યશાળી અનેક શ્રાવકો સંઘ કાઢી તેવું પુણ્ય ઉપાર્જન કરે છે.

આવી રીતે શત્રુંજય પર્વતનો પ્રાચીન પરિચય કરાવ્યા પછી અમારા વાચકોને વર્તમાન સમયમાં જે વિદ્યમાન છે તેની જાણકારી આપવામાં આવે છે.

## નવટૂંકો

આ ગિરિવર ઉપર નવ ટૂંકો આવેલી છે. જેમાં શ્રી આદીશ્વર ભગવાનની મુખ્ય ટૂંક છે - શત્રુંજય ગિરિના બીજા શિખર ઉપર આ શ્રી આદીશ્વર ભગવાનની ટૂંક આવેલી છે. આ ટૂંક સૌથી મોટી છે. આ તીર્થનો જે આટલો મહિમા છે તે તેને લઈને છે. તીર્થપતિ આદિનાથ ભગવાનનું ઐતિહાસિક તેમજ દર્શનીય મંદિર તેની વચમાં છે. મહારાજા સંપ્રતિ તેમજ કુમારપાળ, મહામાત્ય વસ્તુપાળ, તેજપાળ, પેથડશા, સમરાશા આદિ પ્રસિદ્ધ પુરૂષોનાં બનાવેલાં મહાન મંદિરો તેની શ્રેણીમાં સુશોભિત છે. જો કે એ મંદિર પોતાની સુંદરતાના કારણથી સર્વશ્રેષ્ઠ છે. તો પણ તેમાં પ્રાચીન ભારતની આદર્શભૂત શિલ્પકલા થોડીઘણી વિકૃત થઈ જવાને લીધે જોનારાના દિલમાં આનંદની સાથ

ઉદ્વેગ થાય છે. કારણ એ છે કે અહીંયા જેટલા પુરાણા મંદિર છે, તે સર્વેના અનેકવાર પુનરુદ્ધાર થઈ ગયા છે. ઉદ્ધાર કરનારાઓએ ઉદ્ધાર કરતી વખતે પ્રાચીન કારીગરી બનાવી, પરંતુ શિલાલેખ વગેરેની રક્ષા તરફ બિલકુલ ધ્યાન ન રાખ્યું હોય તેમ જણાય છે. તે કારણથી પુરાતત્ત્વજ્ઞાનીની દૃષ્ટિમાં આમાં ક્યો ભાગ નવો અને ક્યો ભાગ પ્રાચીન છે તે સમજાતું નથી. શિક્ષિત વર્ગનો એ નિશ્ચય થઈ ગયો છે કે, ભારતની ભૂતકાલીન વિભૂતિનો વિશેષ પરિચય કેવળ તેની પ્રાચીન કોઈપણ વસ્તુ, તેમજ પથ્થરનો ટુકડો પણ કરાવી શકે છે. એવી દશામાં અવજ્ઞા થતી જોઈ દુઃખ થાય છે. મંદિરોની શ્રેણિમાં એના મધ્યભાગે ચાલતાં ચાલતાં હાથીપોળ નામનો દરવાજો આવે છે. દરવાજાની સામે નજર કરતાં આ પૂજ્ય પવિત્ર અને દર્શનીય મંદિર દૃષ્ટિગોચર થાય છે. આ મંદિર આ તીર્થનું મુકુટમણિ છે કે જે મંદિરમાં તીર્થપતિ આદિનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે.

## મુખ્ય મંદિરનો ઈતિહાસ

આ તીર્થ ઉપર શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથમાં જણાવ્યા મુજબ સૌથી પહેલાં ભરતચક્રવર્તીએ શ્રી આદિનાથ તીર્થંકરનું મંદિર બંધાવ્યું. પછી તેના ઉદ્ધાર અનેક દેવ અને મનુષ્યોએ કર્યા. એવા બાર ઉદ્ધારો તો ચોથા આરામાં થઈ ગયા છે તેનો ઉલ્લેખ ઉપર થઈ ચૂક્યો છે. શત્રુંજય માહાત્મ્યકારે ભગવાન શ્રી મહાવીરના નિર્વાણ બાદના બે ઉદ્ધારનો ઉલ્લેખ કર્યો છે તે ઉપર જણાવવામાં આવેલ છે.

શ્રી ધર્મઘોષસૂરિએ પોતાના પ્રાકૃત કલ્પમાં સંપ્રતિ, વિક્રમ અને શાલિવાહન રાજાને આ ગિરિવરના ઉદ્ધારક બતાવ્યા છે, પરંતુ તેની વધારે સત્યતા માટે હજુ સુધી કોઈ વિશ્વસનીય પ્રમાણ મળી શક્યું નથી.

## બાહડ મંત્રીનો ઉદ્ધાર (ચૌદમો)

વર્તમાનમાં જે મુખ્ય મંદિર છે તે વિશ્વસ્ત પ્રમાણથી જણાય છે કે શ્રીમાળી વંશમાં ઉત્પન્ન થયેલ ગુર્જર મહામાત્ય બાહડ(વાગ્ભટ્ટ) મંત્રીએ

બનાવેલું છે. વિક્રમની તેરમી સદીના પ્રારંભમાં જે વખતે મહારાજા કુમારપાળ રાજ્ય કરતા હતા, તે વખતે તેમના મંત્રી બાહડે પોતાના પિતા ઉદયન મંત્રીની ઈચ્છાનુસાર તે મંદિર બનાવ્યું છે. પ્રબંધચિંતામણિના કર્તા શ્રી મેરુતુંગસૂરિ આ ઉદ્ધારના સંબંધમાં જણાવે છે કે કાઠિયાવાડના કોઈ સુંવર નામના માંડલિક શત્રુને જીતવા માટે મહારાજા કુમારપાળ રાજાએ પોતાના મંત્રી ઉદયનને મોટી સેના આપીને મોકલ્યા. વઢવાણ શહેરની પાસે મંત્રી પહોંચ્યા તે વખતે શત્રુંજયગિરિ નજીક હોવાથી સૈન્યને આગળ કાઠિયાવાડમાં રવાના કર્યું અને પોતે ગિરિરાજની યાત્રા કરવા માટે શત્રુંજય તરફ રવાના થયા, જલદીથી શ્રી શત્રુંજય ઉપર પહોંચી ત્યાં ભગવંતની પ્રતિમાનાં દર્શન, વંદન અને પૂજન કર્યાં. તે વખતે મંદિર પત્થરનું નહિ પરંતુ લાકડાનું બનેલ હતું. મંદિરની સ્થિતિ બહુ જ જીર્ણ હતી અને અનેક ઠેકાણે ફાટફૂટ પડી ગઈ હતી. મંત્રી પૂજન કરી પ્રભુપ્રાર્થના કરવા માટે રંગમંડપમાં બેઠા અને એકાગ્રતાથી સ્તવન કરવા લાગ્યા. તે વખતે મંદિરની કોઈ એક ફાટમાંથી ઉંદર નીકળ્યો તે એક દીવાની બત્તી મુખમાં લઈને પાછો ક્યાંક ચાલ્યો ગયો. આ પ્રસંગ દેખીને મંત્રીએ દિલગીરી સાથે વિચાર કર્યો કે મંદિર કાષ્ટમય અને જીર્ણ હોવાથી આવી રીતે દીવાની બત્તીથી કોઈ વખત અગ્નિ લાગી જાય તો તીર્થની ભારે આશાતના થવાનો ભય છે. મારી આટલી સંપત્તિ તથા પ્રભુતા શું કામની છે ? એમ દિલગીર થઈ તે મંત્રીએ પ્રતિજ્ઞા કરી કે આ યુદ્ધ પૂર્ણ થયા બાદ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીશ અને લાકડાને બદલે પત્થરનું મજબૂત મંદિર બનાવીશ. એમ વિચાર કરી મંત્રી ત્યાંથી નીકળીને પોતાના સૈન્યની સાથે મળી ગયા. શત્રુની સાથે ખૂબ લડાઈ કરી તેનો પરાજય કર્યો, પરંતુ મંત્રીને એક સખ્ત પ્રહાર લાગવાથી તે પણ દેવલોક પામ્યા. મંત્રીએ અંત સમયે પોતાના સૈનિકોને કહ્યું કે "આપણા રાજાનું કર્તવ્ય બજાવીને હું જાઉં છું, જેથી મને અત્યંત હર્ષ થાય છે પરંતુ શત્રુંજયના ઉદ્ધારનીચે જે પ્રતિજ્ઞા કરી છે, તે પૂરી નહીં કરી શકવાથી મને દુઃખ થાય છે. ખેર ! ભવિતવ્યતાને લઈને આ સુકૃત મારા હાથથી થયું નથી, પરંતુ મને વિશ્વાસ છે કે મારા પ્રિય પુત્ર મારી ઈચ્છા પૂર્ણ કરશે. જેથી આ છેલ્લો સંદેશો મારા પુત્રને તમે કહેજો." મંત્રીનું તે વચન સૈનિકોએ મસ્તકે ચડાવ્યું. મંત્રીનો અગ્નિસંસ્કાર

કરીને વિજયી સૈન્ય દિલગીરી સાથે રાજધાની પાટણમાં પહોચ્યું. સૈનિકોએ મંત્રીના બાહડ અને આંબડ નામના પુત્રોને તેમના પિતાનો અંતિમ સંદેશો કહ્યો. પિતાનો પવિત્ર સંદેશો પુત્રો મસ્તકે ધારણ કરીને તે વખતથી શત્રુંજયના ઉદ્ધારની તૈયારી કરવા લાગ્યા. બે વર્ષમાં મંદિર તૈયાર થઈ ગયું. તેની વધાઈના સમાચાર કહેવા આવનારને મંત્રી બાહડે ઉચિત દાન આપ્યું અને પ્રતિષ્ઠાની તૈયારી કરવા માંડી. થોડાક વખત પછી એક મનુષ્યે આવીને મંત્રી બાહડને કહ્યું કે પવનના સખ્ત સપાટાના કારણથી મંદિરની વચમાં ફાટ પડી. તે સાંભળી મંત્રીને ઘણો જ ખેદ થયો અને રાજા કુમારપાળની આજ્ઞા લઈને ચાર હજાર ઘોડેસ્વારોને સાથે લઈને શત્રુંજય પહોંચ્યો. ત્યાં જઈ કારીગરોને ફાટ પડવાનું કારણ પૂછતાં કારીગરોએ કહ્યું કે ''મંદિરના અંદરના ભાગમાં જે પ્રદક્ષિણા દેવાને માટે ભ્રમણમાર્ગ બનાવ્યો છે, તેમાં જોરદાર હવાનો પ્રવેશ થવાથી મધ્યભાગ ફાટી ગયો છે. જો કદી એ ભ્રમણ-માર્ગ ન બનાવાય તો શિલ્પશાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે કે બનાવનારને સંતતિનો અભાવ થાય.'' મંત્રીએ કહ્યું કે ''ભલે મને સંતતિ ન હો, પરંતુ મંદિર એવું બનાવો કે જેથી ફાટવાનો બિલકુલ ભય ન રહે. શિલ્પીઓએ પોતાની બુદ્ધિથી મંદિરના ભ્રમણમાર્ગ ઉપર શિલાઓ લગાવી એવું બનાવી દીધું કે ન કોઈ તોફાનનો ભોગ થઈ શકે, કે ન સંતતિનો અભાવ થાયે. (કહેવાય છે કે એ શિલાઓ અત્યાર સુધી તેવી જ સ્થિતિમાં છે.) એ પ્રકારે ત્રણ વર્ષમાં મંદિર તૈયાર થઈ ગયું. ત્યારબાદ મંત્રીએ પાટણથી મોટો સંઘ લઈ ઘણા જ ધનનો વ્યય કરી સુપ્રસિદ્ધ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ પાસે સંવત્ ૧૨૧૩માં અનુપમ પ્રતિષ્ઠા કરાવી.

મેરુતુંગાચાર્ય લખે છે કે આ મંદિર બંધાવવાને માટે બાહડ મંત્રીએ એક કરોડ ને સાઠ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો.

મંદિરની વ્યવસ્થા તેમજ નિભાવને માટે મંત્રીએ કેટલીક જમીન તેમજ ગામો દેવદ્રવ્યમાં આપેલ, કે જેની ઉપજથી તીર્થનું કાર્ય સદૈવ નિયમ પુરઃસર ચાલ્યા કરે.

## સમરાશાહનો ઉદ્ધાર (પંદરમો)

બાહડ મંત્રીની પછી થોડા વર્ષ બાદ શાહબુદ્દીન ઘોરીએ ઉદ્વેગજનક હુમલા શરૂ કર્યા. દિલ્લીશ્વર પૃથ્વીરાજ ચૌહાણનો પરાજય કરી ભારતના ભાગ્યાકાશમાં વિપત્તિનાં વાદળાંની ભયાનક ઘટાને આવવા દ્વાર ખોલી દીધાં. શ્રાવણ-ભાદરવાના મેઘોની જેમ એક પછી એક ત્રાસજનક મ્લેચ્છોનાં આક્રમણ થવા લાગ્યાં. ચૌદમી સદીના મધ્યમાં અત્યાચારી અલ્લાઉદ્દીને આર્યાવર્તના આદર્શ તેમજ અનુપમ એવાં અસંખ્ય મંદિરોનો નાશ કરવાનો પ્રારંભ કર્યો. જેની રમણીયતાની બરાબરી સ્વર્ગના વિમાન પણ ન કરી શકે તેવાં હજારો મંદિરો તેણે ધૂળમાં મેળવી દીધાં. જે શાંત પ્રતિમાઓને દેખવાથી પાપિષ્ઠ આત્મા પવિત્ર થઈ જાય તેવી અસંખ્ય દેવમૂર્તિઓ વિદીર્ણ (ખંડિત) કરી નાખી. તે અસુરોએ શત્રુંજય તીર્થને પણ અસ્પૃષ્ટ તેમજ અખંડિત નહીં રહેવા દીધું. અને શ્રી તીર્થપતિ આદિનાથ ભગવાનની પૂજ્ય પ્રતિમાને પણ નુકશાન કર્યું અને મહાભાગ્ય મંત્રી બાહડે ઉદ્ધૃત કરેલ મંદિરના કેટલાક ભાગોને ખંડિત કરી દીધા. જિનપ્રભસૂરિ કે જે તે સમયે વિદ્યમાન હતા તેમણે પોતાના વિવિધતીર્થકલ્પમાં આ દુર્ઘટનાની મિતિ સં.૧૩૬૯ની લખી છે.

આ વખતે અણહિલપુર પાટણમાં ઓશવાલ જાતિમાં દેશલહરા વંશમાં સમરાશાહ ઓસવાળ નામના મોટા સમર્થ શ્રાવક વિદ્યમાન હતા. તેમનો સીધો પરિચય દિલ્હીના બાદશાહની સાથે હતો. જ્યારે તેમને ઉપર જણાવેલ ઉત્પાત માલુમ પડ્યો ત્યારે તે અલ્લાઉદ્દીનની પાસે ગયા અને તેને સમજાવી બોધ પમાડીને શત્રુંજયને વિશેષ હાનિથી બચાવી લીધું અને પાદશાહની રજા લઈને તે શાહે ગિરિરાજ ઉપર જેટલું નુકશાન મુસલમાનોએ કર્યું હતું તેટલું ફરી વ્યવસ્થિત તૈયાર કરવાનું શરૂ કરી દીધું. બાદશાહના તાબામાં મમ્માણની સંગેમરમરની ખાણો હતી કે જેમાંથી ઘણી ઊંચી જાતના પત્થર નીકળતા હતા. સમરાશાહે ત્યાંથી પત્થર લેવાની બાદશાહની પરવાનગી માગી. બાદશાહે રજા આપી. જેથી શુમારે બે વર્ષમાં નવી મૂર્તિ બનાવી તૈયાર કરી અને મંદિરની તમામ મરામત થઈ ગઈ. સંવત્ ૧૩૭૧માં સમરાશાહે પાટણથી સંઘ લઈને

આ ગિરિવર ઉપર જઈ ભગવાનની મૂર્તિની ફરીથી મંદિરમાં નવી પ્રતિષ્ઠા કરી. પ્રતિષ્ઠામાં તપગચ્છના બૃહત્પોષાલિક શાખાના આચાર્યશ્રી રત્નાકરસૂરિ આદિ અનેક પ્રભાવિક આચાર્યો હતા. આ પ્રતિષ્ઠાના સમયનો થોડો લેખ શત્રુંજય ઉપર હજી વિદ્યમાન છે. અને સમરાશાહ અને તેમની સ્ત્રી સમરશ્રી બંનેની મૂર્તિ પણ જોડે મોજુદ છે. હવે વર્તમાન ઉદ્ધારક અને ઉદ્ધારનો ઈતિહાસ આપવામાં આવે છે.

## કર્માશાહનો ઉદ્ધાર (સોળમો)
## ઉદ્ધારનું અનુપમ વર્ણન

ઉપરોક્ત રીતે આગલા ઉદ્ધારોનું સંક્ષિપ્ત વર્ણન (પરિચય) કરી હવે આપણે વર્તમાન ઉદ્ધારના મૂળ લેખ ઉપર આવીએ છીએ. સમરાશાહની સ્થાપન કરેલી મૂર્તિનું મુસલમાનોએ પાછળથી ખંડન કર્યું છતાં બહુ દિવસો સુધી તે મૂર્તિ તેવા ખંડિત રૂપમાં પણ પૂજાતી રહી. કારણ એમ હતું કે મુસલમાનોએ નવી મૂર્તિ સ્થાપન કરવા દીધી નહિ. મહમદ બેગડા પછી ગુજરાત તેમજ કાઠિયાવાડમાં મુસલમાનોએ પ્રજાને બહુ જ કષ્ટ પહોંચાડ્યું. મંદિર બનાવવાનું તેમજ મૂર્તિ સ્થાપન કરવાનું તો દૂર રહ્યું પરંતુ તીર્થસ્થળ ઉપર જાત્રાળુઓને દર્શન કરવા માટે પણ જવા દેતા ન હતા. કદાચ કોઈ આજીજી કરે તો સંજોગ પ્રમાણે પૈસા લઈને જાત્રા કરવાની મુસલમાનો રજા દેતા હતા. જ્યાં દેખો ત્યાં બધે અંધાધૂંધી ચાલી રહી હતી. કેટલાંએ વર્ષો સુધી આવી નાદિરશાહી ચાલી રહી અને આવી સ્થિતિમાં આ પવિત્ર તીર્થની દુર્દશા જોઈ જૈન પ્રજા આંસુ આરતી હતી. ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં ચિત્તોડની વીર-ભૂમિમાં કર્માશાહ નામના શ્રીમાળી જ્ઞાતિના કર્મવીર શ્રાવકનો જન્મ થયો, તેણે પોતાનું વીર્ય ફોરવીને આ તીર્થનો પુનરુદ્ધાર કર્યો. અને ત્યારથી દિન-પ્રતિદિન અધિકાધિક ઉન્નતિ થવા લાગી. ફરી જગતગુરુ શ્રી હીરવિજયસૂરિના અપૂર્વ સામર્થ્યથી આ તીર્થની ઉન્નતિની ગતિમાં વિશેષ વેગ આવ્યો કે જે કારણથી તે આ જગતમાં મંદિરોનું એક શહેર કહેવાય છે. કર્માશાહે ઉદ્ધૃત કરેલું મંદિર અને પ્રતિષ્ઠા કરેલી પ્રતિમાજી અદ્યાપિ જૈન પ્રજાના આત્મિક કલ્યાણમાં

સહાયભૂત થઈ રહેલ છે અને પ્રતિદિન હજારો ભાવિક લોકો દર્શન, વંદન, પૂજન કરીને આત્મહિત કરે છે.

શ્રી વિવેકધીર ગણિએ પોતાની સદ્‌બુદ્ધિનો ઉપયોગ કરીને એક 'શત્રુંજયનો ઉદ્ધારપ્રબંધ' નામનો ગ્રંથ બનાવ્યો છે, જેમાં લેખકે કર્માશાહ તેમજ તેમણે કરેલા ઉદ્ધારનું સ્પષ્ટ વર્ણન કરેલું છે. આ મહાત્મા ઉદ્ધાર વખતે હાજર નહોતા. પરંતુ ઉદ્ધાર સંબંધી તમામ ઉચિત વ્યવસ્થા તેમના હાથમાં હતી, જેથી ઐતિહાસિક દૃષ્ટિએ એ ગ્રંથ ઘણો જ મહત્વનો છે. આ ગ્રંથમાં જ એક સ્થળે એવું જણાવવામાં આવે છે કે મહાત્મા શિલ્પવિદ્યામાં પૂર્ણ નિપુણ હતા. શત્રુંજયના ઉદ્ધારના કાર્યમાં કર્માશાહે હજારો કારીગરોને નિયુક્ત કર્યા હતા. તે તમામને સમુચિત શિક્ષા દેવાના સ્થાન ઉપર શ્રી વિવેકધીર ગણિને તેમના ગુરુએ અધ્યક્ષ નીમ્યા હતા. તેમના આ કાર્યમાં તેમના ગુરુભાઈ વિવેકમંડન પાઠક સહાયકારી હતા. જૈન સાધુઓને સાવદ્ય કર્મ(હિંસક પ્રવૃત્તિ) કરાવવાને જૈન શાસ્ત્રકાર નિષેધ કરે છે, તથાપિ સંઘની શુભેચ્છા તેમ જ શાંતિને માટે કોઈ વખત તેવાં નિષિદ્ધ કર્તવ્ય કરવાને પણ શાસ્ત્રકારે અપવાદ તરીકે રજા આપી છે. દાખલા તરીકે વાસ્તુશાસ્ત્રના કથન અનુસાર જો કોઈ દેવમંદિરની રચના દોષયુક્ત થઈ જાય તો તેનું અનિષ્ટ ફળ, બનાવનાર, પૂજા કરનાર, ગામવાસીઓ અથવા સંપૂર્ણ દેશવાસીઓને ભોગવવું પડે છે. આવા કારણથી સંઘ તેમ જ દેશની સર્વ પ્રજાના ભલાને માટે પંડિત વિવેકધીર ગણિમાં અપ્રતિમ નિપુણતા જોઈને તેમના ગુરુએ તેમને આ મહાન તીર્થના ઉદ્ધારના કાર્યમાં નિયુક્ત કરેલા હતા; કે જે વિવેકધીર ગણિની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિનું સુફળ જૈન પ્રજા અત્યાર સુધી યથાયોગ્ય ભોગવે છે.

કર્માશાહના આ ઉદ્ધારના વર્ણનનો લેખ મંદિરના અગ્રદ્વાર પર એક શિલાપટ ઉપર છે. તે પ્રશસ્તિ કવિવર લાવણ્યસમયની બનાવેલી તેમજ આ પ્રબંધના કર્તાના હાથની લખેલી છે. જેમાં સંક્ષિપ્ત આ ઉદ્ધારનું વર્ણન કરેલું છે; સિવાય ભગવાન આદિનાથ અને ગણધર પુંડરિકજીની મૂર્તિ પર પણ કર્માશાહનો સંક્ષિપ્ત ગદ્ય લેખ છે. આ આધુનિક વૃત્તાંત ટૂંકમાં આપવામાં આવ્યું છે. ઐતિહાસિક ભાગ નીચે પ્રમાણે આપવામાં આવે છે.

## શ્રી શત્રુંજય તીર્થના ઉદ્ધારનો ઐતિહાસિક ભાગ

જેમના ઉપદેશથી કર્માશાહે આ ઉદ્ધાર કર્યો છે તે વૃત્તાંત પ્રથમ આપવું યોગ્ય ધારીએ છીએ.

મહાન તપાગચ્છના રત્નાકરપક્ષની ભૃગુકચ્છીય શાખામાં અનેક આચાર્ય થઈ ગયા છે, જેમાં શ્રી વિજયરત્નસૂરિ નામના આચાર્ય ઘણા જ વિદ્વાન થઈ ગયા છે. જેમના શિષ્ય શ્રી ધર્મરત્નસૂરિ હતા, જે ઘણા જ ક્રિયાપાત્ર, વિદ્યાવાન તેમજ પ્રતાપી થયા છે. જેમની કીર્તિ તે વખતે સર્વત્ર ફેલાયેલી હતી. નાનપણથી તેમને લક્ષ્મીમંત્ર સિદ્ધ થયેલો હતો. તે સૂરિવર્યને અનેક સારાસારા શિષ્યો હતા, જેમાં શ્રી વિદ્યામંડન તથા વિનયમંડન બે મુખ્ય હતા. તેમાં પ્રથમને સૂરિપદ અને બીજાને ઉપાધ્યાયપદ સૂરિજી મહારાજે આપ્યું હતું. એક વખત શ્રી ધર્મરત્નસૂરિ પોતાના શિષ્યો સાથે સંઘપતિ ધનરાજની વિનંતિથી આબુ વગેરે તીર્થોની યાત્રા માટે તેમના સંઘમાં ગયા. અનેક ગામોમાં યાત્રા કરતાં કરતાં મેવાડ (મેદપાટ) દેશમાં પહોંચ્યા.

આ વખતે આ દેશ પરિપૂર્ણ આબાદીમાં હતો. આ દેશમાં એક જગતપ્રસિદ્ધ ચિત્રકૂટ (ચિત્તોડ) પર્વત છે કે જેનો ઉપર ઉન્નત અને વિશાળ અનેક જિનમંદિરો આવેલાં છે. આ પર્વત ઉપર વળી ઉપાશ્રયો પણ છે કે જેમાં બિરાજમાન જૈનશ્રમણ મહાત્માઓ નિરંતર સ્વાધ્યાય કરે છે. તે વખતે આ પર્વતના શાસક ક્ષત્રિય કુળદીપક સાંગા મહારાણા હતા કે જે ત્રણ લાખ ઘોડાના માલિક હતા અને જેમણે સમુદ્રપર્યંત પૃથ્વીને પોતાને સ્વાધીન કરી હતી.

આ ચિત્રકૂટ નગરમાં ઓસવંશ (ઓસવાળ જ્ઞાતિ)માં સારણદેવ નામના એક પ્રસિદ્ધ પુરુષ થઈ ગયા છે, કે જે જૈન નૃપતિ આમરાજ કે જે સુપ્રસિદ્ધ જૈનાચાર્ય બપ્પભટ્ટિના શિષ્ય હતા, તેમના વંશજોમાંથી હતા. તેના પુત્ર રામદેવ થા, રામદેવના લક્ષ્મીસિંહ, તેના ભુવનપાળ, અને તેના ભોજરાજ, અને તેના ઠક્કરસિંહ, અને તેના ખેતા તેના નરસિંહ, અને તેના તોલા નામના પુત્ર થયા. તેની સ્ત્રી સતીઓમાં લલામભૂત એવી લીલુ નામની હતી. આ તોલાશાહ, મહારાજા સાંગાના પરમ મિત્ર હતા, જેથી મહારાજા

તેમને પ્રધાન બનાવવા માંગતા હતા, પરંતુ તેમણે આદરપૂર્વક ના પાડી, કેવળ શ્રેષ્ઠીપદનો જ સ્વીકાર કર્યો. તે શ્રેષ્ઠી ન્યાયી, વિનયી, ઉદાર, જ્ઞાતા માની અને ધનિક હતા, સાથે સહૃદયી અને દયાળુ હતા, જૈનધર્મના પૂર્ણ અનુરાગી હતા. આ પુણ્યશાળી તોલાશાહને ૧. રત્ન, ૨. પોમ, ૩. દશરથ, ૪.ભોજ, ૫.કર્મા મળી પાંચ પરાક્રમી પુત્રો હતા, આ સર્વમાં કર્માશાહ ગુણમાં સૌથી અધિક હતા.

શ્રી ધર્મરત્નસૂરિ અને સંઘપતિ ધનરાજનો સંઘ યાત્રા કરતાં કરતાં અહીં ચિત્રકૂટ પહોંચ્યો, જેનું આગમન સાંભળી સાંગારાણાએ સર્વ સૈન્ય સાથે સંઘની સન્મુખ જઈ સૂરિજીને પ્રણામ કરી, ઉપદેશ સાંભળી, બહુ આડંબર સહિત સંઘને નગરમાં પ્રવેશ કરાવી યથાયોગ્ય સર્વ સંઘજનોને વાસસ્થાન આપ્યું. તોલાશાહે પોતાના પુત્રો સહિત નિરંતર સંઘની ભક્તિ કરતા સૂરિજીનો ઉપદેશ શ્રવણ કરવા લાગ્યા, રાજાએ પણ તેમ કર્યું અને શિકાર આદિ દુર્વ્યસનોનો ત્યાગ કરી દીધો.

એક દિવસ અવકાશ લઈને તોલાશાહે પોતાના પુત્ર કર્માશાહની સમક્ષની ધર્મરત્નસૂરિ મહારાજને ભક્તિપૂર્વક એક પ્રશ્ન પૂછ્યો કે હે ભગવાન ! હું જે કાર્યને માટે વિચાર્યા કરું છું તે સફળ થશે કે નહિ ? તે કૃપા કરીને કહો. જે ઉપરથી આચાર્ય મહારાજ પોતાના ઊંચા જ્યોતિષશાસ્ત્ર વિષયક જ્ઞાનદ્વારા તેમાં ચિંતવેલા કાર્યનું સ્વરૂપ અને ફળાફળનો વિચાર કરવા લાગ્યા.

વાત એવી હતી કે ગુર્જર મહાત્માત્ય વસ્તુપાલ એક વખત શત્રુંજય પર સ્નાત્રમહોત્સવ કરી રહ્યા હતા, તે વખતે ત્યાં અનેક દેશોના ઘણા સંઘ આવ્યા હતા, જેથી મંદિરમાં દર્શન અને પૂજા કરનારા શ્રાવકોની ઘણી ભીડ થઈ હતી. ભગવાનની પૂજા કરવા માટે એકબીજાથી આગળ આવવા ચાહતા હતા. અનેક મનુષ્યો સુવર્ણના મોટા મોટા કળશોમાં દૂધ અને જળ ભરીને પ્રભુની પ્રતિમા ઉપર અભિષેક કરી રહ્યા હતા. મનુષ્યોની ગિરદી અને પૂજા કરવાની ઉત્કટ ધૂન મચેલી દેખીને પૂજારીઓએ કોઈપણ મનુષ્યની બેદરકારી અગર ઉત્સુકતાને લીધે કળશ વિગેરેનો ભગવંતની પ્રતિમાના કોઈ સૂક્ષ્મ

અવયવની સાથે સંઘટ્ટ થતાં કોઈ નુકસાન ન થઈ જાય એવા ઈરાદાથી ચારે તરફ મૂર્તિને પુષ્પોના ઢગલાથી ઢાંકી દીધી. મંત્રી વસ્તુપાળે મંડપમાં બેઠાં બેઠાં આ સઘળું જોઈને વિચાર કર્યો કે, કદાચ કોઈ કળશાદિકના કારણે અથવા કોઈ મ્લેચ્છોના હાથથી એવી કોઈ દુર્ઘટના થઈ જાય તો પછી આ મહાતીર્થની શું અવસ્થા ?

ભાવિકાળમાં થવાવાળી અમંગળની આશંકાનો પોતાના અંતઃકરણમાં આ પ્રકારે આવિર્ભાવ થયો દેખી, દીર્ઘદર્શી મહામાત્યે તે વખતે મમ્માણની સંગેમરમરની ખાણમાંથી મૌઝુદીન બાદશાહની આજ્ઞાથી ઉત્તમ પ્રકારના પાંચ મોટા મોટા પાષાણ ખંડો મંગાવવાનો પ્રબંધ કર્યો. ઘણી જ મુશ્કેલીથી તે ખંડો શત્રુંજય ઉપર પહોંચ્યા. તેમાંથી બે ખંડ મંત્રીએ મંદિરના ભૂમિગૃહમાં રખાવ્યા કે જેથી ભવિષ્યમાં કદી કોઈ ઉપર્યુક્ત દુર્ઘટના થઈ જાય તો આ ખંડની નવી પ્રતિમા બનાવી પુનઃશીઘ્ર સ્થાપિત કરાય. સંવત ૧૨૯૮માં વસ્તુપાળ મહાત્માનો સ્વર્ગવાસ થયો. સત્પુરુષોને જે શંકા થાય છે તે પ્રાયઃ મિથ્યા થતી નથી. મંત્રીશ્વરના મૃત્યુ પછી થોડા વખત બાદ મુસલમાનોએ ભગવાન આદિનાથની તે ભવ્યમૂર્તિને સં.૧૩૬૮માં ખંડિત કરી દીધી. સંવત ૧૩૭૧માં સમરાશાહે ફરી નવી પ્રતિમા બનાવી તે જગ્યાએ સ્થાપિત કરી અને વૃદ્ધ તપાગચ્છના શ્રી રત્નાકરસૂરિ કે જેના નામથી આ ગચ્છનું બીજું નામ રત્નાકરગચ્છ પ્રસિદ્ધ થયું, તેમણે તેની પ્રતિષ્ઠા કરી. આ હકીકત અન્ય પ્રશસ્તિમાં પણ છે. સમરાશાહે સ્થાપિત કરેલા બિંબને પાછળથી મુસલમાનોએ ફરી કોઈ વખત ખંડિત કરી દીધા.

ધર્મરત્નસૂરિની પાસે બેસી તોલાશાહએ પોતાના મનોરથ સફળ થવા માટે જે પ્રશ્ન કર્યો હતો તે આ વિષય સંબંધી હતો. તોલાશાહના સમય સુધી કોઈએ ગિરિરાજનો પુનરુદ્ધાર કર્યો નહોતો. તેથી તીર્થપતિની પ્રતિમા તેના ખંડિત રૂપમાં પૂજાતી હતી. વસ્તુપાળે ગુપ્ત રાખેલા પાષાણખંડોની વાત સંઘના નેતાઓમાં પૂર્વ પરંપરાથી કર્ણોપકર્ણ ચાલી આવતી હતી. સમરાશાહે તો નવા પાષાણખંડ મંગાવી તેમની મૂર્તિ બનાવી હતી, જેથી વસ્તુપાળથી રક્ષિત થયેલા

પાષાણખંડ હજુ સુધી ભૂમિગૃહમાં તેવી સ્થિતિમાં પ્રસ્થાપિત હોવા જોઈએ, તેટલા માટે તેને બહાર કાઢી ચતુર શિલ્પીઓ દ્વારા તેનાં બિંબ બનાવાય અને વર્તમાન ખંડિત થયેલી મૂર્તિઓની જગ્યાએ સ્થાપિત કરવામાં આવે તો ઘણું સારું, એમ વિચારી તોલાશાહે પોતાનો આ વિચાર સફળ થશે કે નહિ એવો પ્રશ્ન કર્યો હતો.

ધર્મરત્નસૂરિએ પ્રશ્નના ફળાફળનો વિચાર કરીને કહ્યું કે, 'હે સજ્જનશિરોમણિ ! તારા ચિત્તરૂપી ક્યારામાં શ્રી શત્રુંજય તીર્થના ઉદ્ધારસ્વરૂપ જે મનોરથનું બીજ રોપાણું છે તે આ લઘુ પુત્રથી ફળવાળું થશે. જેવી રીતે સમરાશાહના ઉદ્ધારમાં અમારા પૂર્વજો આચાર્યોએ પ્રતિષ્ઠા કરવાનો લાભ પ્રાપ્ત કર્યો છે, તેમ તારા પુત્ર કર્માશાહના ઉદ્ધારમાં અમારા શિષ્યો લાભ પ્રાપ્ત કરશે.' તોલાશાહ આ કથન સાંભળી હર્ષ અને વિષાદનો એક સાથે અનુભવ કરવા લાગ્યો. હર્ષ એટલા માટે થયો કે પોતાના પુત્રને હાથે આવુ મહાન કાર્ય થશે. વિષાદ એટલા માટે થયો કે પોતાના હાથે આ મહત્ પુણ્ય ઉપાર્જનનું કાર્ય નહીં થઈ શકે. કર્માશાહ અત્યારે કુમાર અવસ્થામાં હતા, પરંતુ તેમણે પોતાના પિતાની આ ઈચ્છા પૂર્ણ કરવાનો સંકલ્પ કરી ગુરુ મહારાજનાં શુભ વચનોની શકુનગ્રંથી બાંધી.

ચિત્રકૂટની યાત્રા વિગેરે પૂરી કર્યા પછી સંઘે આગળ ચાલવાનો પ્રયત્ન કર્યો. તોલાશાહે ધર્મરત્નસૂરિને ત્યાં રહેવા આગ્રહ કર્યો, પરંતુ પોતાને સંઘની સાથે યાત્રા કરવાનો ભાવ હોવાથી પોતે સંઘની સાથે પ્રસ્થિત થયા અને શેઠને ઘણા ઉદાસ થયેલા દેખીને તેમના ચિત્તને સંતુષ્ટ કરવા માટે પોતાના શિષ્ય શ્રી વિનયમંડન પાઠકને ત્યાં રાખ્યા અને તેમની સમીપમાં તોલાશાહ વિગેરે શ્રાવકો ધર્મકૃત્ય કરવા લાગ્યા. તોલાશાહના પાંચે પુત્રો પાઠકની પાસે ષડાવશ્યક, નવતત્ત્વ અને ભાષ્યાદિ ધર્મગ્રંથોનો અભ્યાસ કરવા લાગ્યા. અને પાઠકશ્રી ભાવિકાળમાં મહાન કાર્ય કરવાવાળા કર્માશાહ ઉપર અધિક પ્રેમ રાખવા લાગ્યા.

કેટલોક વખત ગયા બાદ કોઈ શુભ અવસર દેખીને શ્રી વિનયમંડનજીએ

કર્માશાહને ચિંતામણિ મહામંત્ર આરાધન કરવાને માટે વિધિપૂર્વક આપ્યો. કર્માશાહને તીર્થોદ્ધાર વિષયક પ્રયત્નમાં મચ્યા રહેવા માટે વારંવાર ઉપદેશ કરી ઉપાધ્યાયજી ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા. કેટલાક વર્ષ બાદ તોલાશાહ પોતાના ધર્મગુરુ ધર્મરત્નસૂરિનું સ્મરણ કરતા, ન્યાયોપાર્જિત ધનને પુણ્યક્ષેત્રમાં વાપરતા, સર્વ પ્રકારનાં પાપોનો પશ્ચાત્તાપપૂર્વક પ્રત્યાખ્યાન કરતા સ્વર્ગમાં ગયા. લઘુપુત્ર કર્માશાહ કાપડનો વેપાર કરતા હતા, જેમાં દિન-પ્રતિદિન ઉન્નતિ થતાં સર્વમાં અગ્રેસર થયા. તેઓ બંને વખત પ્રતિક્રમણ કરતા હતા. ધર્મ અને નીતિના પ્રભાવથી થોડા વખતમાં તેમણે કરોડો રૂપિયા પેદા કર્યા. હજારો વણિકપુત્રોને વ્યવહાર કાર્યમાં જોડી તેમને સુખી કુટુંબવાળા બનાવ્યા. શીલવતી અને રૂપવતી એવી કર્પુરાદેવી અને કમળાદેવી નામની પોતાની બે સ્ત્રીઓની સાથે કુટુંબસુખનો આનંદ અનુભવ કરતા થકા પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર તેમજ સ્વજનાદિકની વચમાં ઈંદ્રની જેમ શોભવા લાગ્યા. નિરંતર દુઃખીઓના દુઃખનો નાશ કરવા લાગ્યા અને બાલ્યાવસ્થામાં જે પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યો હતો તેને પૂર્ણ કરવાને માટે કર્માશાહ જૈનધર્મ અને જિનદેવની ઉપાસના કરવા લાગ્યા.

## વૈયાવચ્ચ ઉપકરણોનો લાભ

૧ જુલાઈ ૨૦૨૫ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી પેઢી સંચાલિત પૂજ્ય સાધુ સાધ્વીજી વૈયાવચ્ચ કેન્દ્ર-અમદાવાદ ખાતે ૨૫ પૂજ્ય સાધુ ભગવંતો અને ૨૮૦ સાધ્વીજી મહારાજના પગલા થયા હતા. તેમની સંયમ યાત્રામાં ઉપયોગી બને એ હેતુથી જ્ઞાન-દર્શન-ચારિત્ર અને સેવા-સુશ્રૂષાના ઉપકરણો વહોરાવવાનો લાભ પેઢીને મળ્યો હતો.

કુલે ૯ લાખ ૨૨ હજાર જેટલા રુપિયાની વસ્તુઓ વહોરાવવાનો લાભ મળ્યો હતો.

**ગિરનાર તળેટી - જૂનાગઢ સ્થિત સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચ કેન્દ્રમાં ૨૬ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા અને તેમને ૨૨,૯૦૦-રૂપિયાની વસ્તુઓ વહોરાવવાનો લાભ પ્રાપ્ત થયો હતો.**

## શ્રી કદમ્બગિરિ તીર્થ

ભારતવર્ષના જૈન બંધુઓને શ્રી તીર્થંકર પરમાત્મા જેટલું જ પ્રાણપ્યારૂં મહાતીર્થ શ્રી સિદ્ધાચલજી છે. આ મહાતીર્થનું નામ પડે એટલે પ્રત્યેક જૈનનો મનમયૂર નાચી ઉઠે છે. શ્રી શત્રુંજયમાહાત્મ્ય વગેરે ગ્રંથો પ્રમાણે આ પવિત્ર ગિરિરાજ ઉપર અસંખ્ય પુણ્યાત્માઓ સિદ્ધ પદ પામ્યા છે, અને આ ગિરિરાજની ૨૧ ટૂંકો છે, જેમાં પાંચ ટૂંકો મુખ્ય છે અને સજીવન (જીવંત) છે. 'ઢંક, કદંબ અને કોડી-નિવાસો, લોહિત, તાલધ્વજ સુર ગાવે; ગિરિવર દરિશન વિરલા પાવે' આ શબ્દોમાં આ પાંચ ટૂંકોનું વર્ણન આપણા મહાપુરુષોએ કર્યું છે. આ પાંચ પૈકી એક મંખ્ય ટૂંક એટલે શ્રી કદમ્બગિરિ-પર્વત-તીર્થ.

આ તીર્થનું માહાત્મ્ય શ્રી આદિનાથપ્રભુના એક ગણધર શ્રી નાભસ્વામીએ શ્રી ભરતચક્રવર્તી સમક્ષ વર્ણવ્યું હતું, અને તેમાં તેઓએ ફરમાવેલું કે 'ख्यातिमेति पुनर्भृशम्' શ્રી કદમ્બગિરિ ભવિષ્યમાં પુનઃ અત્યંત પ્રખ્યાત થશે.

વિક્રમની વિસમી સદીમાં આ તીર્થ તરફ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીનું ધ્યાન દોરાયું. તેઓ અહીં આવ્યા ત્યારે અહીં સર્વોચ્ચ ટેકરી પર શ્રી આદીશ્વર પ્રભુના તથા શ્રી કદમ્બગણધરનાં ચરણ પગલાંની પુરાતન દેરી હતી, અને છેક નીચે નગરશેઠ હેમાભાઈએ બનાવેલી ધર્મશાળા હતી. તે બે સ્થાનો સિવાય આ ક્ષેત્રમાં ધર્મનું એક પણ સ્થાન કે ચિહ્ન ન હોતું.

આ સ્થિતિ આચાર્ય મહારાજના મનમાં ડંખી. તેમણે મનોમન આ પુરાતન તીર્થના પુનરુત્થાનનો સંકલ્પ કર્યો, અને કદમ્બગિરિની તળેટી પાસેના બોદાનાનેસ ગામે લાંબી સ્થિરતા કરી. સ્થિરતા દરમ્યાન તેમણે ત્યાંના કામળિયા તાલુકદાર દરબારોને પ્રતિબોધ પમાડ્યો, અને માંસાહાર, દુરાચાર, શિકાર, મદ્યપાન વગેરે વ્યસનો છોડાવ્યાં. દરબારોએ આ ઉપકારના બદલામાં કાંઈક વળતર આપવાની વાત રજૂ કરતાં તેઓશ્રીએ 'અમારા આ પુરાતન પવિત્ર તીર્થના પુનરુદ્ધાર માટે અમને ખપની જમીનો આપો' તેવી વાત કરી. દરબારો સંમત થતાં કદમ્બગિરિની પહાડી પર જુદા જુદા નવ પ્લોટો પસંદ કરવામાં

આવ્યા. તે નવ પ્લોટો શેઠ આણંદજી કલ્યાણજી પેઢી પાસે તેઓશ્રીએ વેચાણ લેવડાવ્યા. નવ પ્લોટોની કુલ જમીન સાડા ચાર એકર હતી, અને તેની કુલ કિંમત રૂા.૨૫૦/- ચૂકવવામાં આવેલી.

આ પછી તો તે તીર્થના પુનરુત્થાનના એક ભાગ રૂપે મહારાજશ્રીએ તીર્થ ઉપર તથા નીચે ગામમાં દસેક જિનાલયો સ્થપાવ્યાં, ધર્મશાળાઓ તથા ઉપાશ્રયો અને ભોજનશાળાની સ્થાપના કરાવી. આ બધો ઈતિહાસ જાણીતો છે.

## કદમ્બગિરિ તીર્થે પ્રતિષ્ઠા મહોત્સવ

**નિશ્રા : પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શીલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિ**

**મંગલ કાર્યક્રમ**

વિ.સં.૨૦૮૨ માગશર સુદ-૮, શુક્રવાર, તા.૨૮.૧૧.૨૦૨૫ જિનાલયમાં પ્રતિમાજી તથા પાદુકાનો મંગળ પ્રવેશ.

કુંભસ્થાપના, અખંડ દીપક સ્થાપના, જ્વારારોપણ, લઘુનંદ્યાવર્ત પૂજન તથા પાટલા પૂજન.

વિ.સં.૨૦૮૨ માગશર સુદ-૯, શનિવાર, તા.૨૯.૧૧.૨૦૨૫ અઢાર અભિષેક.

વિ.સં.૨૦૮૨ માગશર સુદ-૧૦, રવિવાર, તા.૩૦.૧૧.૨૦૨૫ મંગલ મુહૂર્તે પ્રતિષ્ઠા વિધિ, શ્રી લઘુશાંતિ સ્નાત્ર.

વિ.સં.૨૦૮૨ માગશર સુદ-૧૧, સોમવાર, તા.૦૧.૧૨.૨૦૨૫ સવારે શુભ વેળાએ દ્વારોદ્ઘાટન તથા સત્તરભેદી પૂજા.

**વિધિકારક :-** શ્રી મુકેશભાઈ શાહ ડભોઈવાળા

**સંગીતકાર :-** શ્રી નયનભાઈ ભોજક

## અમદાવાદ સ્થિત શેઠ આણંદજી કલ્યાણજી બ્લોક જમાલપુર ખાતે જિર્ણોદ્ધારિત-નવનિર્મિત શ્રી આદિનાથ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ

**નિશ્રા : પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શીલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિ**

**મંગલ કાર્યક્રમ**

**વિ.સં.૨૦૮૨ ફાગણ સુદ-૧૧, શુક્રવાર, તા.૨૭.૦૨.૨૦૨૬**
જિનાલયમાં પ્રતિમાજીનો મંગળપ્રવેશ

**વિ.સં.૨૦૮૨ ફાગણ સુદ-૧૩, રવિવાર, તા.૦૧.૦૩.૨૦૨૬**
કુંભસ્થાપના, અખંડ દીપક સ્થાપના, જ્વારારોપણ,

**વિ.સં.૨૦૮૨ ફાગણ વદ-૩, શુક્રવાર, તા.૦૬.૦૩.૨૦૨૬**
લઘુનંદ્યાવર્ત પૂજન તથા પાટલા પૂજન.

**વિ.સં.૨૦૮૨ ફાગણ વદ-૪, શનિવાર, તા.૦૭.૦૩.૨૦૨૬**
અઢાર અભિષેક

**વિ.સં.૨૦૮૨ ફાગણ વદ-૫, રવિવાર, તા.૦૮.૦૩.૨૦૨૬**
જિનાલયમાં જિનબિંબો તથા દેવદેવી અને ચરણપાદુકાની પુનઃપ્રતિષ્ઠા, ધ્વજદંડ પ્રતિષ્ઠા, કળશ પ્રતિષ્ઠા, શાંતિ સ્નાત્ર

**વિ.સં.૨૦૮૨ ફાગણ વદ-૬, સોમવાર, તા.૦૯.૦૩.૨૦૨૬**
દ્વારોદ્ઘાટન તથા સત્તરભેદી પૂજા


# શ્રી શત્રુંજય ચૈત્યપરિપાટી

-: લેખન સંપાદન :-

**રસીલા કડીઆ**

**મૂલ્ય :-** રૂા.૩૫૦/-

**-: પ્રાપ્તિ સ્થાન :-**

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી - અમદાવાદ

# એક પ્રેરણાદાયી પત્ર

હમણાં થોડા સમય પહેલાં પેઢીના ઉપર એક પત્ર આવ્યો એમાં નીચેનું લખાણ હતું.

''સાદર જય જિનેશ્વર દેવની
મહોદય,

ઘણા વર્ષો પહેલા હું પાલીતાણા તીર્થ ઉપર આવ્યો હતો. એ વખતે આદિનાથ દાદાના મૂળ ગભારાની બારશાખ પાસે કંઈક ખુદાઈનું કામ ચાલી રહ્યું હતું.

નાના નાના પથ્થરના એ ઢગલાંમાંથી એક નાના પથ્થરનો ટૂકડો મેં ભગવાનનો પ્રાસાદ માનીને લઈ લીધો અને પોતાના ઘરે લાવીને એને મારા ઘરના મંદિરમાં રાખ્યો છે.

હમણાં થોડાક વખત પહેલા અમારી સોસાયટીમાં એક વિધિકારક ભાઈ શત્રુંજય તીર્થની ભાવ યાત્રા કરાવી રહ્યા હતા ત્યારે મેં એમને આ સંદર્ભમાં વાત કરી. તેમણે કહ્યું કે ''આ પથ્થર તમે પેઢીની રજા વગર લીધો છે તો આ એક જાતની ચોરી છે.''

મેં આ બાબતમાં પેઢીને ઈ-મેઈલ કરી સમાચાર આપ્યા હતા. ત્યારબાદ મેં બે આચાર્ય ભગવંતોને પણ લખ્યું કે ''મારે પ્રાયશ્ચિત રૂપે શું કરવું જોઈએ'' ? પણ મને ક્યાંયથી કોઈ જવાબ મળ્યો નહીં, અને માટે હું આપને આ પત્ર લખી રહ્યો છું કે ''હું શું પ્રાયશ્ચિત કરું ?''

આપની જાણ માટે બતાવી દઉં કે હું ૭૩ વર્ષનો છું અને કેન્સરથી પીડાઉં છું. ઉમરના આ તબક્કે તીર્થની ચોરીનું પાપ મારા માથે બાંધીને હું આ દુનિયામાંથી જવા નથી માગતો, માટે આપને વિનંતી છે કે આનું જે પણ પ્રાયશ્ચિત આપ નક્કી કરો એ મને સહર્ષ સ્વીકાર્ય હશે.''

**આજે પણ કેવા હળુકર્મી જીવો પ્રભુના શાસનમાં છે. આ જિનશાસનની બલિહારી છે કે આટલી નાનકડી વાત માટે પણ વ્યક્તિના મનમાં ડંખ જાગે અને એ પોતાનાથી થઈ ગયેલી ભૂલ માટે વર્ષો પછી પણ પ્રાયશ્ચિત માટે તત્પરતા બતાવે !**

**ખરેખર આ પ્રસંગ, આ ઘટના બહુ જ પ્રેરણાદાયી અને મર્મસ્પર્શી છે. કોઈપણ રૂપે, જાણે કે અજાણે પણ**

**''તીરથની આશાતના નવિ કરીએ.''**

# શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત તીર્થોમાં તા.૦૨.૦૭.૨૦૨૫ થી તા.૩૧.૧૦.૨૦૨૫ સુધી નીચે પ્રમાણે તીર્થભક્તિ - પ્રભાવનાની પ્રવૃત્તિઓ થઈ હતી.

## શ્રી શત્રુંજય મહાતીર્થ (પાલીતાણા)

૯૬૦૦૦ જેટલા યાત્રિક ભાઈ-બહેનો તીર્થની સ્પર્શના-વંદના-પૂજન કરીને ભક્તિભાવથી સભર બન્યા હતા.

પાલીતાણા ખાતે જુદી-જુદી ધર્મશાળાઓ/ઉપાશ્રયો અને ધર્મસ્થાનોમાં ૩૫ પૂજ્ય આચાર્ય ભગવંતો, ૩૬૩ પૂજ્ય શ્રમણ ભગવંતો, ૪૮૩ પૂજ્ય શ્રમણી ભગવંતોના વાત્સલ્ય ભર્યા સાનિધ્યમાં વિવિધ આરાધનાઓનું આયોજન થયું હતું.

## શ્રી ગિરનારજી મહાતીર્થ

શ્રી નેમિનાથ પરમાત્માના દીક્ષા-કૈવલ્ય-નિર્વાણ કલ્યાણકથી મંડિત શ્રી ગિરનારજી તીર્થ ક્ષેત્રની યાત્રા કરીને દર્શન-વંદન-પૂજન કરીને ૨૬૦૦૦ યાત્રિક ભાઈ-બહેનો ધન્ય બન્યા હતા.

આ તીર્થક્ષેત્રને પૂજ્ય આચાર્ય ભગવંત તથા ૧૯૪ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબની ભક્તિનો લાભ મળ્યો હતો.

## શ્રી શેરિસા તીર્થ

૩૨૫૦ જેટલા યાત્રિક ભાઈ-બહેનો તીર્થસ્પર્શના કરવા પધાર્યા હતા અને શ્રી શેરિસા પાર્શ્વનાથ પરમાત્મા સહિત અનેક જિનબિંબો, અધિષ્ઠાયક દેવ-દેવી વગેરેના દર્શન-પૂજન, આરાધન સાથે ભક્તિ કરીને ધન્ય બન્યા હતા. ૨ મહાપૂજન, ૭ પૂજાઓ, સ્નાત્રપૂજા વગેરેનો લાભ લેવામાં આવ્યો હતો. વાહનો દ્વારા ૧૨૦૦ યાત્રિક ભાઈ-બહેનોનું યાત્રાર્થે પદાર્પણ થયું હતું.

## શ્રી તારંગાજી તીર્થ

૧૨૦૦૦થી વધારે યાત્રિક ભાઈ-બહેનો દ્વિતીય તીર્થંકર પરમાત્મા અજિતનાથ ભગવાન સહિત અનેક જિનબિંબોના દર્શન-વંદન પૂજન કરીને જીવનની ધન્યતા અનુભવી હતી.

નાગપાંચમ (તા.૨૯ જૂલાઈ)થી જન્માષ્ટમી (તા.૧૬ ઓગષ્ટ) તથા દિવાળી-લાભપાંચમના દિવસો દરમ્યાન ૨૦,૦૦૦ થી વધારે જૈનેતર ભાઈ-બહેનો તીર્થના જિનાલયના દર્શન-વંદન કરવા આવ્યા હતા.

## શ્રી કુંભારીયા તીર્થ

શ્રી નેમિનાથ પરમાત્માના મુખ્ય જિનાલય સહિત ૫ જિનાલયોથી શોભિત શ્રી કુંભારિયાજી તીર્થની યાત્રા કરવા માટે ભાવભક્તિભર્યા ૭૨૦૦૦થી વધારે યાત્રિક ભાઈ-બહેનોનું પદાર્પણ થયું હતું.

વાહનો દ્વારા ૫ સંઘોનું આગમન થયું હતું.

## શ્રી મુછાળા મહાવીરજી તીર્થ

રાજસ્થાનની અરાવલીની પહાડીઓની વચ્ચે આવેલા શ્રી મહાવીર સ્વામી પરમાત્માના જિનાલયથી યુક્ત આ તીર્થની પૂણ્યમયી યાત્રા/વંદના/દર્શન-પૂજન અને ભક્તિ ભાવના કરવા ૧૫૮૦૦થી વધારે યાત્રિક ભાઈ બહેનો પધાર્યા હતા. બસો દ્વારા સંઘરુપે આવેલા યાત્રિકોની સંખ્યા ૧૫૭૦ હતી.

આ તીર્થના જિનાલયની આસપાસ જિર્ણોદ્ધારિત દેરીઓ અને ભગવાન મહાવીર સ્વામીના જીવન પ્રસંગોની સુંદર પટશાળા આકર્ષક અને આહલાદક છે.

## શ્રી રાણકપુર તીર્થ

પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનના ચતુર્મુખ જિનબિંબોથી મંડિત, શિલ્પ-કળા અને સ્થાપત્યના વિશ્વવિશ્રુત ખજાના જેવા રાણકપુર તીર્થની યાત્રા કરીને ધન્યતાનો અનુભવ કરવા માટે ૧૭૨૦૦૦થી વધારે યાત્રિક ભાઈ-બહેનો પધાર્યા હતા.

વાહનો દ્વારા આવેલા ૧૪ સંઘોમાં ૧૪૦૦થી વધારે ભાઈ-બહેનો તીર્થની સ્પર્શન કરવા પધાર્યા હતા.

## શ્રી મક્ષી તીર્થ

માલવદેશની મહિમામંડિત તીર્થભૂમિ મક્ષીજીમાં બિરાજમાન મક્ષી પાર્શ્વનાથ ભગવાનના દર્શન-વંદન-પૂજન માટે ૯૭૦૦થી વધારે શ્રદ્ધાસંપન્ન યાત્રિક ભાઈ બહેનો પધાર્યા હતા.

વાહનો દ્વારા આવેલા સંઘોમાં ૨૧૦૦ જેટલા ભાઈ-બહેનો યાત્રાર્થે પધાર્યા હતા.

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :


*શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ*
*શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,*
*નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.*
*ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦*
*૨૬૬૦૮૨૪૪-૨૬૬૦૮૨૫૫*
*સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૪-૩૦ કલાક સુધી*
*(રવિવાર તથા રજાના દિવસો સિવાય)*
E-mail : shree_sangh@yahoo.com

*શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ*
*પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,*
*ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.*
*ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯*
*સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૪-૩૦ કલાક સુધી*
*(રવિવાર તથા રજાના દિવસો સિવાય )*

*મુંબઈ બ્રાંચ*
*શેઠ આણંદજી કલ્યાણજી*
*૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,*
*ગિરગામ ચર્ચ નજીક,ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮*
*(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦*
*(રવિવાર તથા રજાના દિવસો સિવાય)*

*શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ*
*શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦*
*ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬*
*ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮*
*સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦*

*'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી*
*તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.*
*શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)*
*શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,*
*નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.*
E-mail : anandkalyanmagazine@gmail.com

‘દયા ધર્મનું મૂળ છે’

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



# શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સં. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)

અનેક અબોલ જીવોનો વિસામો

## જીવદયા પ્રતિપાલક યોજનમાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનમાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે.
આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
PUNJAB NATIONAL BANK
(આંબાવાડી બ્રાન્ચ) અમદાવાદના સેવિંગ્સ
A/C 0524000100066781 માં (IFSC CODE : PUNB0097100)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

**શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ**
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જિ. ભાવનગર.

અંક-૨૪

# શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

AKP

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

BOOK-POST

To,

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com